કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર મહિનાની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૩ ● મે, ૨૦૧૮



## શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ-૧













૧. આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બાલિકા મંડળની શિબિરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતી યુવતીઓ. ૨. મોટપ મંદિરના ૧૦૫માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૩. ગામડી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનો) માં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. જીરાગઢ રામજી મંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં આર્શીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. ઉનાવા (ગાંધીનગર)મંદિરનાં ૩૫માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન પરિવાર.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૩૩

મે-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | “સ્વાભાવિક ચેષ્ટા” | ૦૬ |
| ૦૪. | બ્રાહ્મમુહૂર્તમાં ચિન્તન | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો | ૧૧ |
| ૦૬. | તમારા કર્યા તમે ભોગવો | ૧૫ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૦. | અધિક માસના ઉત્સવની યાદી | ૨૩ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૪ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૫ |

શ્રી સ્વામિનારાયણ

# अस्मदीयम्



"જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેનો અસદ્વાસનાની વૃદ્ધિ થાય છે. ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે, ને પોતાના હૈયામાં એમ જાણે જે 'સર્વે સત્સંગી તો અણ સમજુ છે ને હું સમજું છું.' એમ સર્વેથી અધિક પોતાને જાણે અને રાત્રિ દિવસ પોતાના હૈયામાં મુંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહી અને રાત્રીમાં સૂવે તો નિંદ્રા પણ આવે નહીં, અને ક્રોધ તો ક્યારેય મટે જ નહીં, અને અર્ધ બળેલા કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે, એ સત્સંગમાંથી પડવાનો થયો છે. અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહીં અને અંતે પાછો પડી જાય છે. અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે. ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વે હરિભક્તને મોટા સમજે, અને પોતાને ન્યુન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. એવા લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે શુભ વાસના વૃદ્ધિ પામી છે. અને તે જેમ જેમ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે.'' (પ.પ્ર. ૨૮)

અદ્‌ભુત અને અલૌકિક વાત છે. આપણે નાના બનવું અને હરિભક્ત માત્રનો હૈયામાં ગુણ લેવો તો આપણે આઠે પહોર આનંદ આનંદ ને આનંદ રહેશે.

અક્ષય તૃતિયાથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવને સુંદર ચંદન અને સુખડના વાઘાના અલૌકિક દર્શન નો આ માસ છે. દરેક મહા મંદિરમાં પણ ચંદનના વાઘાના દર્શન થાય છે. આવા દર્શન કરવાથી હૈયામાં શિતળતા રહે છે.

હવે અધિક જેઠ માસ શરૂ થશે. આપણા કાલુપુર મંદિરમાં વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો-પાટોત્સવ તિથિ પ્રમાણે ધામધૂમથી ઉજવાશે. આપણને શ્રીહરિએ અધિક માસમાં અધિક-વધુ ભજન કરવાનો આ સમય ફાળવ્યો છે. માટે સૌ ભક્તો ધૂન-ભજન કથા વાર્તા ભગવાનના લીલા ચરિત્ર આદિ વિશેષ કરજો જેથી આપણા માટે આ

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના

જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(એપ્રિલ-૨૦૧૮)

| | |
|---|---|
| ૪ થી ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) બળદિયા (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર જુના ઝિંઝુવા (પંચમહાલ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી લુણાવાડા પધરામણી. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજ.) પધરામણી. |
| ૧૦ | વાલી (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ખાત મુહૂર્ત પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. દેવડા દેવડા (રાજ.) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. |
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર જુના ઘાટીલા (તા. હળવદ મૂળી દેશ) પુનઃમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. ત્યાંથી ખાખરેચી (મૂળી દેશ) (બહેનોનું) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર રવાપર (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કુંદનપુર (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૭-૧૮ | પ્રયાગ (યુ.પી.) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નવનિર્મિત નિર્ભયપટ્ટી (જિ. પ્રતાપગઢ યુ.પી.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૯-૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પોતાના વરદ્ હસ્તે કરી નાંદોલ (દહેગામ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર બલદાણા (તા. લીંબડી મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈ વાગડ કચ્છ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. જીરાગઢ (હાલાર મૂળી દેશ) શ્રી રામજી મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (ખાખરીયા) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |





# "સ્વાભાવિક ચેષ્ટા"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ સ્વધામ પધાર્યા પછી વડતાલમાં એક દિવસ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી આદિ સભાખંડમાં બિરાજમાન હતા. ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને વાત કરી કે, આપની મરજી હોય તો આપણે કથાવાર્તાના નિયમો ઘડીએ. કારણ કે પૂર્ણપુરુષોત્તમ સહજાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ જ્યારે મનુષ્ય સ્વરૂપે પ્રગટ હતા ત્યારે તેમની મરજી મુજબ સવારે બપોરે, સાંજે, અર્ધરાત્રીએ સર્વે સંતોને બોલાવીને કથાવાર્તા કરતા. હવે તે કાંઈ આપણને બોલાવીને કથાવાર્તા કરવાના નથી. તો આપણે જો નિયમ બાંધશું તો મુક્ત મુમુક્ષુ વિષયી પામર આદિકજનો કથાવાર્તા કરશે તો તેમનું અંગ વૃદ્ધિ પામશે. આવી રીતે કરવું, ત્યારે આચાર્ય મહારાજશ્રી તથા નિત્યાનંદ સ્વામી આદિ સંતોએ અનુમતિ આપી અને તે દિવસથી ગોપાળાનંદ સ્વામીના આસને પરમચૈતન્યાનંદ સ્વામીને વચનામૃતનો ચોપડો લાવીને કથા વંચાવી. તે સમયે સૌને કથાવાર્તાનો આનંદ ખૂબજ આવ્યો અને શ્રીપતિ શ્રીધરં થયા સિવાય કોઈને ઉઠવાની ઈચ્છા થાય નહિ. એકવાર ગોપાળાનંદ સ્વામીએ પરમચૈતન્યાનંદ સ્વામીને પૂછ્યું કે, સ્વામી આ વચનામૃતનું રહસ્ય સમજાતું નથી માટે સમજાવો. પછી પરમચૈતન્યાનંદ સ્વામી કહે સ્વામી તમે જ સમજાવો. પછી ગોપાળાનંદ સ્વામીએ જ્ઞાનવાર્તા કરીને વચનામૃતનું રહસ્ય સમજાવ્યું, તે સાંભળીને સૌને અત્યંત આનંદ થયો ને કથાની સમાપ્તિ થયા પછી સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, તમે જે એકવાર કથા કરો છો પણ આવી કથાવાર્તા બે વખત કરો. હું સાંભળવા આવીશ. એમ કરતાં કથાનો નિરંતર અખાડો જામતો ગયો અને આચાર્ય મહારાજશ્રી-ત્યાગી-ગૃહી સૌને મહારાજના છતાંની સભાનો આનંદ આવવા લાગ્યો. ત્યારે એકવાર સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ સભામાં આચાર્યશ્રી, સદ્‌ગુરુઓને વિનંતી કરી કે, આપણા સત્સંગમાં હવે આપણે આવી પાંચ વખત કથાવાર્તાનો નિયમ બાંધીએ જેથી ઘણો સમાસ થશે અને આગળ થનાર મનુષ્યોનું પણ કથાવાર્તાના માધ્યમથી અનંતનું શ્રેય થશે ને અંતે અક્ષરધામને પામશે.

વળી તે સમયે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે, તમે શ્રીજીમહારાજના દૈનિક નિત્ય સમગ્ર ચરિત્ર લીલા તથા સ્વાભાવિક ચેષ્ટા (ક્રિયા) તમોએ સુચારૂ રૂપે દર્શન કરેલા છે. પ્રાતઃકાળથી પોઢ્યા સુધીની લીલાના અખંડ સાક્ષી છો. અને વળી તમો ઉત્તમ કક્ષાની પ્રીતિથી સભર કવિત્વ શક્તિવાળા છો. તે માટે શ્રીજીમહારાજના ક્ષણ ક્ષણ પળપળની લીલાઓને ચરિત્રોને પદાવલીઓમાં રચના કરીને લાવો. તથા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામીને પણ કહ્યું કે તમે પણ નિત્ય સ્મરણ કરવા યોગ્ય પદાવલી તૈયાર કરીને લાવો. ત્યારે તે સદ્‌ગુરુઓએ પોતાની રચના લઈને આચાર્ય મહારાજશ્રી અને ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને સુપ્રત કરી. અને કહ્યું કે આ રચનાઓમાં જે કાંઈ સુધારા વધારા કરવાની આવશ્યકતા જણાય તો કરજો.

સંપ્રદાયના વાર્તા ગ્રન્થ સહજાનંદ ચરિત્ર પુસ્તકમાં પ્રમાણ છે કે, તે સમયે આચાર્ય મહારાજશ્રી તથા ગોપાળાનંદ સ્વામીએ પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીની રચનાઓમાંથી સંશોધન કરીને કેટલીક ખૂબજ મહત્વની રચનાઓ પસંદ કરી. જે, (૧) પ્રથમ શ્રીહરિને રે ચરણે શિશ નમાવું નૌતમ લીલા રે... દશ પદ, (૨) વંદુ સહજાનંદ રસરુપ અનુપમ સારને રે લોલ.ના આઠ પદ, (૩) આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલના ચાર પદ, (૪) ઓરા આવો શ્યામ સ્નેહી સુંદર પર જોઉ વાલાના પદ એક, (૫) હવે મારા વાલાને નહી રે વિસારું રે (૬) રે શ્યામ તમે સાચું નાણું, અક્ષરના વાસી વાલો આવ્યા અવનિપર, ગઈતી ગઈતી ભરવાને નીર..... આ પ્રમાણે શ્રીજી મહારાજની



સ્વભાવિક ચેષ્ટાઓ તથા મૂર્તિના વર્ણન સહિત રચનાઓને પસંદ કરીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે આ શ્રીજી મહારાજના ચરિત્રોની રચનાઓ સર્વેને કંઠે કરાવીએ અને આપણે સર્વેએ છેલ્લી રાત્રીની કથા થઈ રહ્યા પછી નિરંતર રાત્રીએ બોલ્યા પછી શયન કરવું એવો સર્વે સંતો એ નિયમ રાખવાનો છે. આ પદો બોલવાનો નિયમ મોટા મંદિરમાં હોઈએ અગર હરિમંદિરમાં હોઈએ તો પણ સ્વાભાવિક ચેષ્ટાના પદો બોલ્યા વિના સૂવુ નહિ. અને આ રચનાઓ સમગ્ર સત્સંગીઓને પણ શીખવાડવી જેથી રાત્રિએ શ્રીજીમહારાજનાં ચરિત્રો ગાવા અને સાંભળવાનો લાભ મળે. તેથી કરીને સર્વે સંતો તથા હરિભક્તોને ચાર વેદ ,ષટ્શાસ્ત્ર અઢાર પુરાણ ભારતાદિ ઈતિહાસ વિગેરેનું સાંભળવા રુપ ફળ થાય છે. જે સંત કે હરિભક્ત નિત્ય નિયમ લીલા ચેષ્ટાપદ ગાશે તેમાં સત્સંગ રહેશે અને સાધુતા સહેજે રહેશે. તેમજ પંચવર્તમાન પણ રહેશે. જે કોઈ શિખરબધ્ધ મોટા મંદિરો હોય કે નાના ચિત્ર સ્વરુપ હરિમંદિર હોય કે પછી તેવો યોગ ન હોય અથવા ઘરનિવાસ બહુ દૂર હોય તો તેમને ઘર મંદિરમાં બેસીને રાત્રિયે નિત્ય નિયમ ચેષ્ટાના આ પદો ગાવા સાંભળવા પછી શયન કરવું. જે કોઈના મંડળમાં અથવા જે કોઈના પરિવારમાં સ્વાભાવિક ચેષ્ટાના પદ ગવાશે તેની પેઢીની પરંપરામાં સત્સંગ રહેશે અને સાધુતા રહેશે. જ્યાં નિયમના પદો ગવાતા હોય તે સ્થાનકે શ્રીજીમહારાજ સદાય પ્રગટ રહે છે.

આવી રીતે સંતો માટે પાંચ વખતની કથાનો પ્રબંધ કરાવ્યો અને સંતો-હરિભક્તો માટે નિયમ ચેષ્ટાના પદોને શીખવા માટે ખરડાઓ લખાવીને આપતા હતા જેને બન્ને દેશમાં ગામોગામ દેશોદેશમાં પહોંચતા કરવામાં આવ્યા.


સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ આ નિત્ય નિયમ સત્સંગમાં, મંદિરોમાં અને ઘરોઘર ગવાય છે. સ્વામીના વચનનો પ્રભાવ આજે પણ જોવા મળે છે કે, જે ત્યાગીના મંડળમાં કે મંદિરમાં કે ઘરમાં એક પણ વ્યક્તિ નિત્ય નિયમ બોલતો હોય ત્યાં નિયમ નિશ્ચય પક્ષવાળો એકાંતિક સત્સંગ જોવા મળે છે અને જ્યાં આ નિયમ વિસરાઈ ગયો છે તેવા મંદિરો કહેવા માત્રના બની ગયા છે અને તેવા કુટુંબપરિવાર કે ત્યાગીનું મંડળ ત્યાં કહેવા માત્રનો સગવડીયો સત્સંગ જે આગળ જતાં એક-બે પેઢી પછી સત્સંગનું મીંડું વળી જાય તેવી શક્યતા છે.

વળી એક સમયે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ ! અમને તમે શું નિયમ આપો છો ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે જ્યાં જ્યાં લીલા કરી હોય ને જે જે ગામમાં સમૈયા કર્યા હોય તે તમારે સૂતા ટાણે સંભારવાં'' પછી રાજબાઈને જીવુબાઈને ગંગામા છેટે બેઠેલાં તે બોલ્યા જે, બીજી બાઈઓએ અમારી પાસે નિયમ લીધાં પણ અમને તમે શું નિયમ આપો છો ? ત્યારે મહારાજ કહે તમારે પણ એજ નિયમ કે અમે જે જે ગામ સમૈયા કર્યા હોય તે સૂતા ટાણે સંભારીને સૂવું. શ્રીજીમહારાજના આ નિયમના અનુસંધાનમાં શ્રીહરિ સ્વધામ ગમનબાદ ગોપાળાનંદ સ્વામીએ નિત્ય લીલા ચેષ્ટાના પદોની રચના કરાવીને સત્સંગમાં બાઈ ભાઈ ત્યાગી ગૃહિ સૌને માટે આચાર્ય મહારાજની આજ્ઞાથી પ્રવર્તાવી છે. જે આખી દુનિયામાં ગામમાં એક હરિભક્તનું ઘર હોય ત્યાં પણ ''પ્રથમ શ્રીહરિને રે... ગવાય છે. આખા પરિવારમાંથી એક માણસ પણ નિત્ય નિયમ ગાતો હશે તો પણ તે પરિવારમાં સત્સંગ રહેશે એવો મોટો પ્રતાપ છે. નિત્ય નિયમ ચેષ્ટાના પદો સર્વ વેદો-ઉપનિષદોનો સાર તો છે જ પણ સંપ્રદાયના સંસ્કૃત-પ્રાકૃત શાસ્ત્રોનો પણ સાર રૂપે કર્યા છે.

વચનામૃત ગઢડા મધ્ય-૪૮ માં સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીયો જે ''વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ ચારને રે લોલ'' એ ગાવતા હતા. પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, બહુ સારા કીર્તન ગાયાં. આ કીર્તન સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ, અને જે આવી રીતે અન્તઃકરણમાં ભગવાનનું ચિંતવન થતુ હોય, ને એવી વાસનાયે યુક્ત જો દેહ મુકે, તો તેને ફરીને ગર્ભવાસમાં જવુ પડે જ નહિ, અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ પરમપદને પામ્યો જ છે. અને જેવા શ્વેતદ્વિપમાં નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઈ રહ્યો છે, અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, જે તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી.

શ્રીહરિની સ્વભાવિક ચેષ્ટા અને ધ્યાનના અંગના કીર્તન ગાવા વાળા હરિભક્ત ઉપર કેવો રાજીપો છે તે આ વચનના પ્રમાણ માની લેજો. નિયમ લેજો કે, નિયમ બોલ્યા વિના સૂવુ નહિ, બધાજ નિયમ ચેષ્ટા ગાવાની શ્રદ્ધા શક્તિ ન હોય તો પ્રથમ શ્રીહરિને રે અને વંદુ સહજાનંદના પદનું અવશ્ય સ્મરણ કરજો.

# બ્રાહ્મમુહૂર્તમાં ચિન્તન



- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

ब्राहमेमुहूर्ते शयनं विहाय निजस्वरुपं हरि चिन्तयित्वा ।
स्नातं विशउद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकंठ हृदि चिन्तयामि ....१
श्वेतं च सूक्ष्मं परिधाय वासः सितं द्वितीयं वसनं वसित्वा ।
चतुष्कपीठादुद्भूतमुतरन्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....२
आशूपविश्यामलनैजपीठे विधायसन्नैष्ठिककर्म नित्यम् ।
नारायणं मालिकया स्मरन्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....३
सुगन्धिना केसर चन्दनेन सन्मल्लिकाचम्पकपुष्पहारैः ।
सम्पूज्यमानं निजभक्तवर्यैः श्रीनीलकंठ हृदि चिन्तयामि ....४
कर्णे दधानं कुसुमावतंसं शिरः पटे कौसुमशेखरालिम् ।
कण्ठे च नानाविधपुष्पहारान् श्रीनीलकंठ हृदि चिन्तयामि ....५
भक्ष्यैश्च भोज्यैः सह लेहयचोष्यैर्दृष्ट्वा पुरो भोजनभाजनं च ।
पूरीमदन्तं च ससूपभक्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....६
भक्तैरनेकैर्मुनिभिर्गृस्थैर्वृतं सभायां भगणैरिवेन्दुम् ।
सहासवक्त्राम्बुजचारुनेत्रं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....७
निः सीमकारुण्यसुधामयेन विलोकमनेनातिमुदा स्वभक्तम् ।
बद्धांजलिं दीनमवेक्षमाणं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....८
श्रीनारायणमातमानुषतनुं भूमौ कृपासागरम् ।
भक्तैश्चन्दनपुष्पहारनिकरैः संपूज्यमानं निजैः ॥
पीठस्थं तुलसीस्त्रजं च दधतं दक्षे करे सुन्दरम् ।
स्मेरास्यं सितसूक्ष्मवाससमहं श्रीनीलकंठं भजे ....९

ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે જે ધુરંધરવિદ્વાનો પંડિતો સભામાં સદા હાજર રહેતાં હતા તેમાં સૌથી સારા વિદ્વાન સંસ્કૃત ભાષાના પંડિત દિનાનાથ ભટ્ટજી હતાં. કહેવાય છે કે તેમને સંસ્કૃત ભાષાના શાસ્ત્રોના અઢાર હજાર શ્લોકો કંઠસ્થ હતાં જેનો મુખ પાઠ તેઓ ગમે ત્યારે કરી શકતાં હતાં. તેમજ પોતે સ્વયં પણ પોતાની ભાવના ભક્તિને શ્રદ્ધા ને વ્યક્ત કરતાં કેટલાંક સ્તોત્રો શ્લોકો અને ગ્રન્થોની રચના કરી છે જેમાં તેમની વિદ્વતા જણાય આવે છે. તેમાંનું આ એક સ્તોત્ર અષ્ટક છે જેમાં તેમણે બ્રહ્મમુહૂર્તમાં એટલે કે સવારના પહોરમાં ચાર વાગ્યે ઉઠીને તરત ભગવાનના કેવા સ્વરૂપનું ચિન્તવન કરવું જોઈ તે સ્વરૂપનું વર્ણન કરીને તે સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.

ब्राहमेमुहूर्ते शयनं विहाय निजस्वरुपं हरि चिन्तयित्वा ।
स्नातं विशउद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकंठ हृदि चिन्तयामि ....१

બ્રાહ્મમુહૂર્ત અર્થાત્ પોતાના બ્રહ્મસ્વરૂપનું ચિન્તવન કરવાનો સમય પ્રાતઃ કાળમાં સવારના પહોરમાં વહેલા ચાર વાગ્યાથી જેનો પ્રારંભ થાય છે ત્યારે રાત્રીની નિદ્રાનો ત્યાગ કરીને પ્રથમ પોતાના હૃદયમાં પોતાનું જ રૂપ જે અનંત કોટી બ્રહ્માંડોના નિયંતા અને ઉત્પતિ સ્થિતિને લયના કર્તા અને સર્વના અંતર્યામી એવા સર્વોપરી સર્વ અવતારના અવતારી એવા પોતાના જ સ્વરૂપનું હૃદયમાં ચિન્તન અર્થાત્ સવારની પ્રથમ માનસી પૂજા કરીને ત્યારબાદ શુદ્ધ અને પવિત્ર સ્વચ્છ ઘણા બધા જળથી સ્નાન વિધિ કરી રહ્યા છે એવા અને વર્ણીના જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નીલકંઠ પાડ્યું છે. એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૧)

श्वेतं च सूक्ष्मं परिधाय वासः सितं द्वितीयं वसनं वसित्वा ।

चतुष्कपीठादुद्धृतमुत्तरन्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....२

પ્રાતઃકાળમાં સ્નાન વિધિ કરીને પવિત્ર શ્વેત અને સૂક્ષ્મ અર્થાત્ ઝીણું પાતળું ધોતીયું પહેરીને પછી તેના ઉપર એકદમ શાંત શિતળ શ્વેત રેશમ જેવું સુંદર સફેદ વસ્ત્ર જે ખેસ તેને ઓઢીને, સ્નાન કરવાના બાજોઠ ઉપરથી તત્કાળ ઉતરીને પૂજા કરવા માટે પવિત્ર પૂજા સ્થાને જઈ રહ્યા છે. એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૨)

आशूपविश्यामलनैजपीठे विधायसन्नैष्ठिककर्म नित्यम् ।

नारायणं मालिकया स्मरन्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....३

અતિ પવિત્ર કારણ કે તે આસન ઉપર બેસીને ક્યારેય ભગવાનની પૂજા સિવાય કોઈ પણ પ્રકારનું કાર્ય કે જગત સંબન્ધી વાતચિત પણ નથી કરી તેથી માયાના મેલ રહિત સ્વચ્છ વા પોતાના આસન ઉપર બેસીને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારીઓને જે દરરોજ કરવાનું જ હોય છે તે ફરજિયાત પણે જે કરવું જ પડે તે કર્મ અર્થાત નિત્ય પ્રાતઃ પૂજા કરે છે અને જમણા હાથમાં તુલસીના કાષ્ટની બનાવેલી માળા લઈને ષડક્ષરી મહામંત્ર જપ કરતાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૩)

सुगन्धिना केसरचन्दनेन सन्मल्लिकाचम्पकपुष्पहारैः ।

सम्पूज्यमानं निजभक्तवर्यैः श्रीनीलकंठ हृदि चिन्तयामि ....४

મન ગમતાં અને આનંદ આપે એવા સરસ સુગન્ધિથી ભરપુર એવા શ્વેત મલયાગર ચંદન ઘસીને તેમાં કાશ્મીરી સુંગન્ધિત કેસરનું મિશ્રણ કરીને ચરણમાં અને કપાળમાં જેનો લેપ પોતાના પ્રેમી એવા શ્રેષ્ઠ ભક્તોએ કર્યો છે અને કણ્ઠમાં દેખાવમાં સુંદર અને દિવ્ય સુગન્ધિદાર પુષ્પ ચમેલી અને ચંપાના પુષ્પના હારો માળાઓ ધારણ કરાવી છે અને બહુજ શ્રદ્ધા ભક્તિ ભાવથી જેમની પૂજા કરી છે એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૪)

कर्णे दधानं कुसुमावतंसं शिरः पटे कौसुमशेखरालिम् ।

कण्ठे च नानाविधपुष्पहारान् श्रीनीलकंठ हृदि चिन्तयामि ....५

પોતાના પ્રેમી ભક્તોએ જેમને કાનોમાં સુંદર પુષ્પોના તોરા ધારણ કરાવ્યા છે. અને મસ્તક ઉપર શોભી રહેલ પાઘમાં રંગબેરંગી પુષ્પના શિરપેચ ફુલની છડી ધારણ કરાવી છે, અને કંબુ જેવી લાંબી ડોકમાં વિવિધ પ્રકારના જાત જાતના રંગ વાળા ફુલના હારો ધારણ કરાવ્યા છે એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૫)

भक्ष्यैश्च भोज्यैः सह लेहयचोष्यैर्दृष्ट्वा पुरो भोजनभाजनं च ।

पूरीमदन्तं चससूपभक्तं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....६

દેશાન્તરોથી આવેલાં ભક્તોના સમુદાયે શ્રીહરિની પૂજા કર્યા પછી પોતાના દેશમાંથી પ્રેમથી લાવેલાં અનેક પ્રકારના ભોજ્ય પદાર્થો ચાર પ્રકારના ભક્ષ્ય એટલે ખાઈ શકાય તેવા ફળફળાદિ ભોજ્ય એટલે રાંધેલા મિષ્ટાન પકવાન ફરસાણ વિગેરે લેહ્ય એટલે પી શકાય તેવા કેરીનો રસ લીલા શ્રીફળનું પાણી શરબત વિગેરે ચોષ્ય ચૂસીને ખાઈ શકાય તેવા કેરી, લીંબુ, જાંબુ વિગેરે આ ચારે પ્રકારના ભોજનને જોઈને સુંદર ફુલેલી સફેદ પુરી ખાય છે જમે છે અને તેની સાથે દાળ મેળવીને ભાતને જમે છે એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૬)

भक्तैरनेकैर्मुनिभिर्गृस्थैर्वृतं सभायां भगणैरिवेन्दुम्।

सहासवक्त्राम्बुजचारुनेत्रं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....७

હજારો ભક્તોએ મનમોહક સ્વાદિષ્ટ ભોજનો જમાડ્યા પછી તે ભક્તો અને મુનિઓ પરમહંસોની વિશાળ સભામાં જેમ આકાશમાં તારાઓની વચ્ચે દેદિપ્યમાન શોભે છે તેમ શોભતાં અને સુંદર મંદ મંદ હાસ્ય યુક્ત મુખારવિંદમાં કરૂણાના સાગર જેવા શ્રેષ્ઠ નેત્રો આંખોથી ભક્તોને જોઈને સુખ આપતાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૭)

निः सीमकारुण्यसुधामयेन विलोकमनेनातिमुदा स्वभक्तम्।

बद्घांजलिं दीनमवेक्षमाणं श्रीनीलकंठ हृदि चिन्तयामि ....८

જગતના જીવ માત્ર ઉપર જેમની દયા અને કરૂણાનો કોઈ પાર નથી અને અમૃતમય કરૂણાના સાગર જેવી દ્રષ્ટિથી પોતાના ભક્તોને જોઈને આનંદ આપતાં અને અતિ ગરીબ દીન એવા મનુષ્યોને પોતાના સન્મુખ બે હાથ જોડીને ઉભેલાં જોઈને દયા કરનારા એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૮)

श्रीनारायणमातमानुषतनुं भूमौ कृपासागरम्।

भक्तैश्चन्दनपुष्पहारनिकरैः संपूज्यमानं निजैः॥

पीठस्थं तुलसीस्त्रजं च दघतं दक्षे करे सुन्दरम्।

स्मेरास्यं सितसूक्ष्मवाससमहं श्रीनीलकंठं भजे ....९

પોતાના ભક્તોએ સુંદર ચંદન પુષ્પના હારના સમુદાયથી જેમની ખૂબ સારી તે પૂજા કરી છે એવા આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરુષોત્તમનારાયણ સ્વયં આ મનુષ્ય શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર સૌને કૃપા કરીને પ્રત્યક્ષ પોતાના દેવો અને યોગીઓને સિદ્ધોને પણ દુર્લભ એવા દર્શન આપે છે તે તેમની કરૂણાનું જ કારણ છે. ઉંચા પીઠસ્થાન ઉપર વિરાજમાન થઈને હાથમાં સુંદર તુલસીની જમણા હાથમાં માળા ધારણ કરીને સ્વસ્વરૂપનું સ્મરણ કરતાં અને સફેદ જીણા પવિત્ર વસ્ત્રો ધારણ કરેલાં એવા અને વર્ણિ જેવો વેષ ધારણ કરીને અતિ ઉગ્ર તપશ્ચર્યા જેમણે કરી છે જે તપ ભગવાન શિવજી સિવાય કોઈ કરી ન શકે તેવા તપનું આચરણ કર્યું તેથી માર્કણ્ડેય મહામુનિએ જેમનું નામ નિલકંઠ પાડ્યું છે એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપનું હું મારા હૃદયમાં ચિન્તવન કરૂં છું. (૯)


## ધોરણ-૯ માં મફત શિક્ષણનો લાભ લેવા પ્રવેશની સૂચના

પરમપૂજ્ય ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (પાઠશાળા)માં ધો-૯ થી એમ.એ. (આચાર્ય) સુધીનું શિક્ષણ મેળવવા માટે.

ગુજરાત સરકાર માન્ય શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી - વેરાવળ માન્ય નિવાસી વિદ્યાલય છાત્રાવાસની રહેવા જમવા સાથેની વિના મુલ્યે ફ્રી શિક્ષણ આપવાની સુવિધા આપવામાં આવે છે. તેમાં આગામી વર્ષ-૨૦૧૮ જૂનથી ધોરણ-૯ માં નવો પ્રવેશ આપવાની પ્રક્રિયા ૧ મે થી ૩૦ મે દરમ્યાન રાખવામાં આવેલ છે. ધો-૯ પાસની માર્કસીટ સાથે નીચેના સરનામે સંપર્ક કરવો. ગુજરાત તથા બહારના રાજ્યોના સરકાર માન્ય ૮ મું પાસ હોવું જોઈએ. (માત્ર બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે).

સંપર્ક : ૯૫૨૫૩ ૪૭૬૯૬ પ્રધાન અધ્યાપક
શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય
અક્ષર ફુલવાડી, જેતલપુરધામ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો

**એપ્રોચ (બાપુનગર) મંદિરના ૧૩ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૨૩-૨-૨૦૧૮ :** મારી દુકાન બંધ કરી દીધી. (મોબાઈલ) યુવાનોએ મોબાઈલમાં રેકોર્ડિંગ ચાલુ કરતા અને પછી કેટલાકે બંધ કરતા ચાલુ રાખો, વાંધો નહી, અમે વિરોધ નથી કરતા પરંતુ એટલું યાદ રાખજો કે આમાં (મોબાઈલમાં) ઉતરે તેના કરતા અહીંયા (હૃદયમાં) ઉતરે તે બહુ મહત્વનું છે.

ભાગ્યશાળી છીએ કે વડીલોએ જે પરંપરા આપી છે તે આ વિસ્તારમાં તમે જાળવી રાખી છે. જેનાથી બધાને સત્સંગનું સુખ મળે છે અને તેનું પોષણ કરવા માટે જ આ મંદિરો, ભગવાન, શાસ્ત્ર, સંતો અને હરિભક્તો છે. (ધર્મવંશી આચાર્ય છે એ પણ આપણે સમજી લેવાનું) બીજે મળે છે ક્યાંય ? નજર ફેરવીને જુઓ તો ખરા ! દુનિયામાં માણસ દુઃખી કેટલો છે ! માણસનું કંઈક કામ થાય ત્યારે શ્રદ્ધા બેસે એ વિના તો શ્રદ્ધા બેસતી નથી. પરંતુ ત્યાર પછી એને શું કરવું ત્યાં જઈને એ ખબર પડવી એ બહુ અઘરું છે. જઈને ક્યાંક ઉભા રહ્યા એટલે સામેથી વણ જોઈતી સલાહ સૂચન ઉપદેશનો મારો શરૂ થશે. આ મંત્ર બોલો, તમે બોલો છો એ ખોટો છે. આમ નહી, આમ કરવાનું, કોઈ કહે સીધા માથે ઉભા રહો, તો કોઈ કહે ઉંધા માથે, કોઈ કહે માથે મુંડન કરાવો, તો કોઈ કહે વાળ વધારો, દાઢી વધારો, દાઢી કાપી નાખો, લાલ વીંટી પહેરો-પીળી વીંટી પહેરો, કાળો દોરો બાંધો. વાદળી દોરો બાંધો આપણને શું મળ્યું છે. જાણો છો ? **આપણને જે ભગવાને પહેરાવ્યું છે એ આપણે પહેરીએ છીએ (કંઠી) અંતરમાં ભગવાન પરોવવા એ વારસો આપણને મળ્યો છે. આ સ્પષ્ટ હકીકત છે.**

મહારાજની પ્રસાદીનો એક સાચો તાંતણો કોઈને મળી જાય તો પણ લોકોને કેટલું અહોપણું થાય છે. ત્યારે આપણી પાસે તો મ્યુઝિયમમાં દર્શન કરો એટલે ખ્યાલ આવે. શું નથી આપણી પાસે ? આ વિસ્તારની અંદર જ કેટલા મંદિરો થયા ! તમને ખપ છે. તમે કાઠિયાવાડથી ગામો છોડીને અહીં આવ્યા ત્યારે ભગવાનથી વંચિત ન રહો એ જવાબદારી અમારી છે. ઝાલાવાડ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત, કચ્છ કે મધ્ય પ્રદેશ, રાજસ્થાન કે દુનિયાના ગમે તે ખૂણાના ભક્તો હોય અને આપણી પાસે સંતો પણ મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના છે જ ! તમે ગમે ત્યાંથી જાવ પરંતુ ભગવાન અને સત્સંગનો જોગ મળી રહેવો જોઈએ. એ ખટકો અમારે રાખવાનો છે. જોર જબરદસ્તી કે ગળું ઝાલીને સત્સંગ કરાવવો નથી. પરંતુ વ્યવસ્થા મળી રહે એ જવાબદારી અમારી છે અને એટલા માટે જ આ મંદિરો થાય છે. તમે તન, મન, ધનથી સેવા કરી છે. **આ મંદિરો, આ ભગવાન આપણા છે એ જાણીને મંદિરના પગથિયા ચડવા. જાણીને હો, માનીને નહી, માનવાનું ઉધાર છે.** અમે કહીએ કે આવું છે અને તમે એ શરતે કદાચ માની લો કે મહારાજશ્રી કહે છે એટલે સાચું હશે એમ માનવાનું નથી, જાણવાનું છે.



- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

મુક્તાનંદ સ્વામીએ લખેલું પદ આપણે રોજ ગાઈએ છીએ, રે બ્રહ્માથી કીટ લગી જોયું. જૂઠું સુખ જાણીને વગોવ્યું. મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું... રે શ્યામ તમે સાચું નાણું. છોકરાઓ ગાવ છો ? ન ગાતા હોય તો ગાજો, ભાઈ સાબ ! વડીલો ગાતા હોય છે. બાકી તો આરતી અને ચેષ્ટા નો ટાઈમ થાય એટલે જમવાનો ટાઈમ થઈ ગયો એવું નહી કરવાનું ! **આખું સાંખ્ય શાસ્ત્ર વાંચો અને મુક્તાનંદ સ્વામીની આ બે કડી વાંચો Finish ! સમજણ પડે તો !** બ્રહ્મા એટલે મોટા મોટા લોક કે દેવતાથી લઈ કીટ, કીટ એટલે ખૂબ નાનું કે ઝીણું, આ એક રૂપક છે. દુનિયામાં બધું જોયું છે. આ પંક્તિઓ ભાડુતી આવતી નથી. કલમ લઈને બેસીએ અને ભૂલેથી શબ્દોના મેળ કરવા જઈએ એમ લખાતી નથી. બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, અમુક સંતોના જ નામ લઉં છું. તમે તેઓ ના કીર્તનો જુઓ. **આપણી પાસે ગદ્ય અને પદ્યમાં જેટલું સાહિત્ય છે એટલું દુનિયામાં કોઈની પાસે નથી.** આખા શાસ્ત્ર વાંચીએ અને જ્ઞાની થઈ જવાય એવું નથી. આ સંતોએ જે લખ્યું છે તેની એક પંક્તિ કે વાક્ય ગંભીરતાથી જો ખરેખર જીવનમાં ઉતરી જાય તો વધારે કંઈ કરવું પડતું નથી, ભૂકા બોલી જાય ! **ભગવાનમાંથી મન પાછું વળે નહી !** પંક્તિ અનુભવ કરીને લખી છે, માનીને એમ નહી. માન્યું નથી.

મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીના શિષ્યમાં વડીલ સંત હતા. તમે કલ્પના કરી શકો છો ? તમારા વડીલ તમને તમારાથી કોઈ નાના હોય તેને માન આપવાની વાત કરે તો હીચકિચાટ થઈ જાય ને ! રામાનંદ સ્વામીના ઘણા શિષ્યો હતા. મુક્તાનંદ સ્વામીના મુખ પર આભા હતી. શાસ્ત્રોના જ્ઞાની હતા. તો પણ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કહ્યું કે તમે સંપ્રદાય સંભાળો. ત્યારે રઘુનાથદાસ નીકળ્યો. પેટમાં આંચકી આવી, હું વધારે જાણું છું. આવા એક- બેના નામ લખ્યા છે. પરંતુ મુક્તાનંદ સ્વામીએ જે લખ્યું છે તે ભગવાનને જોઈને લખાઈ ગયું છે. મોટા મોટા રાજવીઓ બ્રહ્માનંદ સ્વામીને કહેતા, અમારા માટે ૨ છંદ, ૨ પંક્તિ લખી દો ને ! ત્યારે **બ્રહ્માનંદ સ્વામીએ કહેલું કે જે મોઢે સાકર, લાડવા કે દૂધપાકનો સ્વાદ ચાખ્યો હોય તે મોઢે હવે કોલસા ન ચવાય !** કારણ કે કોકના માટે તો લખવું પડે છે. જ્યારે અહીં તો મહારાજ સામે બિરાજમાન હોય અને નંદ સંતો મહારાજની સામે જોઈ રહ્યા હોય ત્યારે લખાઈ જતું હતું. તેના માટે મજૂરી નથી કરી. ઈતિહાસ જાણો છો ને ! બ્રહ્માનંદ સ્વામી જોકું ખાતા હતા, મહારાજે બેરખો માર્યો, બરોબરને ! અને જોકું ખાતાય હશે. કારણ કે આપણે વચનામૃતમાં વાંચીએ છીએ. મહારાજ અડધી રાત્રે સાધુની જાયગાને વિશે પધાર્યા. સંતોને ઉઠાડે, હવે વાત કરો રાત્રે સાડા બારે આપણને આવીને કોઈ પ્રશ્ન પૂછે, વાત કરો, છોકરાઓ શું થાય ? એક તો ફોન ચાલુ હોય, વોટસ-એપ કે ફેસબુકમાં બીઝી હોય ! પરંતુ આ તો નંદ સંતો હતા. એક-એક ભગવાન થઈને પૂજાય તેવા હતા. મહારાજે કેટલા પ્રકરણ બદલ્યા ! આટલા હાથનો જ કંતાનનો કટકો સંતોએ પહેરવાનો ! ટી શર્ટ નહી ! આપણે નળે ફીઝીકલ ગળણા બાંધીએ છીએ. જ્યારે મહારાજે એટલું ફીલ્ટર કર્યું કે સંતોને સ્વભાવમાં ગળણા બંધાવ્યા. ગળ્યું ચીકણું નહી ખાવાનું. જે સંતો મહારાજના દર્શન વિના રહી નહોતા શકતા ! અમારી આજ્ઞા વિના કોઈએ દર્શને નહી આવવાનું, જાવ ગામડા ફરો કોઈએ વિરોધ ન કર્યો. આપણા જેવા હોય તો શું થાય ? કહેત કે ભાઈ સાબ કંઠી લો તમારી પાછી ! એટલે સ્વાભાવિક ચેષ્ટાના પદો વાંચજો, શીખજો, સળંગ નહી, કોક દિવસ બીજું કંઈ ન કરો તો ટાઈમ મળ્યે એક જ પદ વાંચજો. શું એ સંતોએ વાત કરી છે, નિરખ્યું છે ! અનુભવ કર્યો છે ! ૨૦૦ કિ.મી.ની સ્પીડમાં ગાવ તો કદાચ નહીં સમજાય !

પ્રકરણ ફેરવીને પછી મહારાજ પૂછે, તમને અમને મૂકીને ક્યાંય જતા રહેવાનું મન નથી થતું ? વિચાર નથી આવતો ? જવાબ શું મળ્યો ? મહારાજ ! વિચાર તો ઘણા આવે છે પરંતુ તમારા જેવા ભગવાન ક્યાંય જોઈએ તો જઈએ ને ! **સ્વભાવ પ્રકૃતિથી પર ભગવાન સિવાય કોઈ નથી. સાચું કહેવામાં, હકીકત કહેવામાં, પારદર્શક બનવામાં પણ પ૬ ની છાતી જોઈએ મર્દાનગી જોઈએ. દંભી થવું બહુ સહેલું છે. પારદર્શક થવું અઘરું જ નહી પરંતુ અશક્ય થઈ જાય છે ! પરંતુ એ નંદ સંતોએ ભગવાન આગળ ક્યારેય દંભ નથી કર્યો.** આપણને કોઈ પૂછે. કેટલી માળા ફેરવો છો ? આપણે પાંચ તો કહીએ જ ને ! પરંતુ એ પાંચ ખરેખર ફરે છે ખરી ? આખા દિવસનું પ્લાનીંગ એ પાંચ માળામાં થતું હોય છે. ૨ મિનિટ માટે પારદર્શક થાવ, પૂજા ખોલી નથી ને આજે શું કરવાનું છે તે મનમાં વિચારો શરૂ થઈ જાય ! તમારો ક્યાં, અમારો જ **અનુભવ કહું છું. આજે થોડું મોડું થઈ ગયું.**

**સોરી ! કચ્છમાં ગયા, હળવદથી આગળ માળિયા-કીડી ગયા, ફરી કચ્છમાં** ગયા રાત્રે ૧ વાગ્યે અમદાવાદ દેવને અર્થે કામ કરે છે. **જેઓ ફાલતું દુકાનો ખોલીને બેઠા છે. લૂંટીને લાડવા ખાય છે. તેઓને ભગવાને (ડૉક્ટરોના માધ્યમથી) આંતરડા ફાડીને લાડવા બહાર કઢાવ્યા છે. ૫, ૭, ૧૦ વર્ષનો જ ઈતિહાસ જો જો આંખ ખોલીને ટોટીઓ નાંખીને ખેંચાવ્યા કરે એને સાધુ ન કહેવાય. વાસનિક કહેવાય.** આ હકીકત છે. **આ દેવની સેવા ઉગે છે એ અમે નજર સામે જોયેલી વસ્તુ છે.** આ અમદાવાદ મંદિરના બ્ર. રાજુ સ્વામી મૂળી સમૈયામાં ૩૦ સેકન્ડ પહેલા મારી સાથે હતા. કોલેસ્ટોલ, ડાયાબિટીસ વગેરે તકલીફ હતી તેમને. કહે, ૨-૫ મિનિટમાં આવું ફ્રેશ થઈને. રૂમમાં ગયા. ખુરશી પર બેઠા. સંતો કહે, નાસ્તો કરશો ? ના, બેઠા. આંખ મીંચી આને મૃત્યુ કહેવાય. આવા કેટલાય હરિભક્તોને પણ હું ઓળખું છું. પૂજા, નાસ્તો, બેઠા બસ પતી ગયું કેમ ? **દેવના થઈને રહ્યા એટલે દેવે ધ્યાન રાખ્યું.**


વાત એ હતી કે આપણા નંદ સંતો આનંદાનંદ સ્વામી હોય કે નિષ્કુળાનંદ સ્વામી હોય કે બ્રહ્માનંદ સ્વામી કોઈ પણ હોય. એક એક સંતોનો તમે ઈતિહાસ જુઓ. ખાવા નહોતુ મળતું એટલે અહીં હેંડયા આવ્યા એવું નથી. આનંદાનંદ સ્વામી ભરતપુર સ્ટેટના રાજા હતા. મહારાજે પ્રકરણ ફેરવ્યા. ચાળો કર્યો તો પણ મુક્તાનંદ સ્વામી જેવા મોટેરા સંતોએ જવાબ આપ્યો કે, **મન તો ઘણું થાય છે કે જતા રહીએ. પરંતુ આખા બ્રહ્માંડમાં જઈને જોઈએ તો આના સિવાય બીજા કોઈ ભગવાન દેખાતા નથી. એટલે મુકીને નથી જવાતું. એમ તમને આવા દેવ, આવા સંતો, હરિભક્તો, (આચાર્ય) બીજે ક્યાંય મળે તો તિલક ચાંદલો ભૂંસી નાંખજો. કંઠી આપી દેજો પાછી. આ અમારી ખુલ્લી ચેલેન્જ છે. બીજે મળે તો કોઈ વાંધો નથી અમને, સાચું ને ? અહીં સુખ-શાંતિ છે બાકી જ્યાં જુઓ ત્યાં ઉપાધિ છે.** સંપ્રદાયના નામે કે સત્સંગના નામે પણ ઉપાધિના પોટલા છે.

સવારે હું જીમમાં જઉ ત્યારે થોડીવાર દૂરદર્શન ચાલું કરીને જોકસ માટે જોઉં છું. એક ચેનલમાં રોજ ૬ નવા બાવા ઉપદેશ આપવા ફૂટી નીકળે. મનમાં થાય કે આને કોઈક ઉપદેશ આપે તો સારું ! આયુર્વેદિક દવા ની વૈદ્યો જાહેરાત આપ્યા કરે. પાતળાં થવા માટે, જાડા થવા માટે

એક દવામાં બધા જ રોગ મટી જાય ! છાપામાં પણ
જાહેરાત આવે. હું તો ખાસ વાંચતો નથી પરંતુ ક્યારેક

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in



# તમારા કર્યા તમે ભોગવો

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

માંગરોળની ડોસાવાવ પર પોતાની પ્રાતઃકાળની નિત્ય વિધિથી પરવારીને આત્મ ચિંતન કરતા નીલકંઠવર્ણી બેઠા છે. આજુબાજુની ધરતીનું નિરીક્ષણ કરી રહ્યા છે. એવામાં ગામમાંથી ગોરધનભાઈ સ્નાન કરવા આવ્યા. નીલકંઠવર્ણીની પ્રતિભા નીરખીને લાગ્યું કે કોઈ ઈશ્વરાંશ લાગે છે.

જયશ્રીકૃષ્ણ, બટુકજી ! આપ ક્યાંથી પધારો છો ? ગોરધનભાઈએ પૂછ્યું.

ભારતભરની તીર્થયાત્રા કરતા કરતા અત્યારે અહીં આવીને બેઠા છીએ.

આપનું શુભ નામ ?

શુભ નામમાં તો અમારા વેશ-પરિધાન જોઈને લોકો અમને નીલકંઠ નામથી બોલાવે છે.

નીલકંઠજી મારે ઘેર જમવા પધારશો ? ગોરધનભાઈએ પૂછ્યું.

ઠાકોરજીને જમાડવાની ઈચ્છા તો છે પરંતુ અમે ગામમાં જતા નથી. જે કાંઈ તૈયાર હોય તે અહીં લઈ આવો તે જમીએ.

ગોરધનભાઈ લાડુ લઈ આવ્યા. જમતાં જમતાં વર્ણીએ પૂછ્યું, તૈયાર લાડુ ક્યાંથી લાવ્યા ? ગોરધનભાઈએ કહ્યું, મારી ફોઈની ઉત્તર ક્રિયાનો ગઈ કાલે છેલ્લો દિવસ હતો એટલે લાડુ બનાવ્યા છે. પછી પૂછ્યું, હવે આપ અહીંથી ક્યાં જશો ? જમતાં જમતાં નીલકંઠજી બોલ્યા. અહીંથી અમે રામાનંદ સ્વામીના દર્શન કરવા જઈશું.

ગોરધનભાઈ આશ્ચર્ય પામતા બોલ્યા. તમે રામાનંદ સ્વામીને ઓળખો છો ? હું પણ રામાનંદ સ્વામીનો શિષ્ય છું. નીલકંઠજી કહે છે એમ, અમારા માતા પિતા પણ તેમના શિષ્ય હતા. એમ કહી તરત જ વિષયાંતર કરતા બોલ્યા, લાડુ બહુ સરસ હતા. તમારા ફોઈનું કલ્યાણ થાઓ.

ગોરધનભાઈના મોં ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ. એકાદ મિનિટના મૌન પછી બોલ્યા. મારી ફોઈનું કલ્યાણ થાય તેવું નથી. એ તો નર્કમાં ગયા છે.

કેમ ? એ રામાનંદ સ્વામીના શિષ્ય નહોતા ? તમને કેવી રીતે ખબર પડી કે એ નર્કમાં ગયા છે ?

એ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. મને રામાનંદ સ્વામીની કૃપાથી સમાધિ થાય છે. તેથી તેમની ગતિ જાણવા મેં સમાધિમાં જોયું તો એ યમપુરીમાં ગયા છે.

ગોરધનભાઈ વિગતે વાત કરવા બેઠા. મારા ફોઈ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. રામાનંદ સ્વામી અવારનવાર અમારા ઘેર આવતા. રામાનંદ સ્વામી સૌરાષ્ટ્રના કેટલાક ગામોમાં સદાવ્રત ચલાવે છે. એટલે એક હરિભક્તે તેમને તમે સદાવ્રત ચલાવો છો તે તમારે ખર્ચમાં કામ આવશે એવું કહીને એક સોનાનો પાસો આપ્યો હતો. એ પાસો સ્વામીએ મારા ફોઈને રાખવા આપ્યો અને કીધેલું કે હમણાં તમે રાખો અમારે જોઈશે ત્યારે માગી લઈશું. પછી થોડા સમય બાદ એ પાસો સ્વામીએ પરત માગ્યો તો મારા ફોઈની દાનત બગડી. કહે કે એ પાસો તો મેં તમને આપી દીધો છે. સ્વામી કહે કે ના નથી આપ્યો. ક્યાંક આડો અવળો પડ્યો હશે. તમે પટારામાં મુકતા હતા. એમ સ્વામીએ કહ્યું. તો પણ ફોઈએ એ જ જવાબ આપ્યો કે સ્વામી તમે ભૂલી ગયા છો મેં પાછો આપી દીધો છે. એકવાર ફરી સ્વામીએ પટારો જોઈ લેવાનું કહ્યું તો પણ તેણે નનૈયો જ ભણ્યો. સ્વામી બહુ નારાજ થઈ ગયા. અને બોલ્યા કે તમારા કર્યા તમે ભોગવો. તે પછી સ્વામી ક'દિ અહીં આવ્યા નથી.

વાત સાંભળીને નીલકંઠજીએ કહ્યું. અમે તેમના નિમિત્તનું અન્ન જમ્યા છીએ તેથી તેમને નર્કમાંથી તો છોડાવશું. તમે યમપુરીમાં જઈ મોટેથી જય સ્વામિનારાયણ બોલજો. ધર્મરાજા સામા આવશે તેમની પાસેથી તમારા ફોઈને લઈ બદરિકાશ્રમમાં મૂકી આવજો.

નીલકંઠવર્ણીના કહ્યા અનુસાર ગોરધનભાઈ યમપુરીમાં જઈ જેવું મોટેથી જય સ્વામિનારાયણ બોલ્યા તેવા જ ધર્મરાજાએ સામે આવી પૂછ્યું. શું પૃથ્વી ઉપર સ્વામિનારાયણ ભગવાનનો અવતાર થયો ? ગોરધનભાઈએ હા કહી, પછી બોલ્યા કે હું મારી ફોઈને લેવા માટે આવ્યો છું. ધર્મરાજા તેમને જે કુંડમાં નાખ્યા હતા તે તરફ લઈ ગયા. ગોરધનભાઈને જોતાં જ એ એ એ ગોરધનિયા ! મને અહીંથી લઈ જા એમ ફોઈબાએ બૂમ પાડી.

અને ગોરધનભાઈ પુતળીબાને બદરિકાશ્રમમાં મુકી આવ્યા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## રેવાભાઈ ભાવસારનો સંકલ્પ જાણ્યો

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ





ભગવાન શ્રીસ્વામિનારાયણ ગાંધીનગર પાસે સાબરમતી પાર કરતાં ધરામાં સ્નાન વિધિ કરવા રોકાયા. બાજુમાં કપડા રંગવાનું કામ કરતાં રેવાભાઈએ સ્નાન કરી રહેલ ભગવાનના દર્શન કર્યા. વૃતિ ખેંચાઈ અને મનમાં સંકલ્પ કર્યો કે "આ ભગવાન હોય તો મને ધોતી ધોવાની સેવા આપો." અંતાર્યામી શ્રી સ્વામિનારાયણ ભગવાન સંકલ્પ જાણી ગયા અને રેવાભાઈને નામથી બોલાવી ધોતી-ખેશ ધોવા આપ્યા. રેવાભાઈનો ભગવાનપણાનો નિશ્ચય થયો. જેના દર્શન શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૬ માં થાય છે.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ-૨૦૧૮

| | |
|---|---|
| રૂા. ૧૫,૦૦૦/- | દિપેશ ભીમજી વેકરીયા - બળદીયા-કચ્છ હાલ લંડન - હ. તેજસ તથા રંજન તથા ભાવિષા વેકરીયા |
| રૂા. ૧૫,૦૦૦/- | દિપક શાંતિલાલ શાહ - અમદાવાદ |
| રૂા. ૧૨,૮૦૦/- | ગીરીશભાઈ કનૈયાલાલ પંચાલ, હ. રમીલાબેન ગીરીશભાઈ ખેમાળ - યુ.એસ.એ. |
| રૂા. ૧૧,૦૦૦/- | નીતિનભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | શ્રી ધર્મકુળ પરિવારની સેવામાં ૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે લક્ષ્મણભાઈ જે. ચાવડા - સ્વા. બાગ મેમનગર, અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી એપ્રિલ-૧૮

| | |
|---|---|
| તા. ૦૧-૦૪-૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ ઈન્ડીયામાં યાત્રા પ્રવાસની સફળતા નિમિત્તે |
| ૦૪-૦૪-૧૮ | પરબતભાઈ કાનજીભાઈ વરસાણી - હ. પ્રેમીલા પરબત વરસાણી |
| ૦૬-૦૪-૧૮ | (સવારે) દિપેશ કાનજી કેરાઈ તથા સંગીતા રાબડીયા - લંડન<br>(સાંજે) વનિતા મનજી હિરાણી - યુ.એસ.એ. |
| ૧૫-૦૪-૧૮ | અ.નિ. પરસોત્તમદાસ જીવરામભાઈ પટેલ - હ. દિનેશભાઈ પરસોત્તમભાઈ - લુણાવાડા |
| ૨૨-૦૪-૧૮ | ડૉ. હરિકૃષ્ણભાઈ વશરામભાઈ પટેલ - વિસતપુરાવાળા - બોપલ<br>હ. હરજીભાઈ ટ્રસ્ટીશ્રી કાલુપુર મંદિર ચિ. ધ્યાનના જન્મ નિમિત્તે |
| ૨૯-૦૪-૧૮ | ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ - દેવપુરાવાળા - હાલ કડી |

## અધિક જેઠ (પુરુષોત્તમ) માસમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આખા અધિક જેઠ માસમાં ગામ સમસ્ત મહાપૂજાનો અલૌકિક લાભ લેવા માટે સંપર્ક : ૯૯૨૪૪૯૦૫૬૬

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સમય વર્તે સાવધાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત છે કાણોતર ગામની. (સુરેન્દ્રનગર જીલ્લો). કાણોતરમાં એક પ્રસંગ બહુ સુંદર બનેલો છે. હજુ પણ એ પ્રસંગનું સ્મરણ અમર બની રહેલ છે. ભક્તવત્સલ સ્વામિનારાયણ ભગવાન કાણોતર પધાર્યા છે. ત્યાં બે ભાઈ હરિભક્ત હતાં. એકનું નામ સઘરામ અને બીજાનું નામ શાર્દૂલ. જ્ઞાતિથી રબારી હતા. જેને આપણે સારી ભાષામાં દેસાઈ કહીએ છીએ. શ્રીજી મહારાજને આગ્રહ કરીને પોતાને ત્યાં નિવાસ કરાવ્યો. મહારાજ ! અહીં રહો. મહારાજ સઘરામ અને શાર્દૂલના ઘેર આવ્યા. બંને ભાઈઓનાં ઘર જોડે જોડે. વચમાં નાની દિવાલ કરેલી. બે ભાઈ જુદા રહેતા હતા. વ્યવહારથી જુદા પણ મનથી એક.

સંસારમાં આટલું શીખવા જેવું છે. ઉંમર થાય, સમય થાય ત્યારે કદાચ ભાઈઓ જુદા થાય એનો કંઈ વાંધો નહી. એ તો વ્યવહાર છે પણ જ્યારે મનથી જુદા થાય એ સારૂં ન ગણાંય ધનથી ભલે જુદા થાય, આટલું તું કમાય છે તે તારૂં અને હું કમાઉં છું એટલું મારૂં. એવું કરે તો વાંધો નહી આવે પણ જ્યાં મનથી જુદા થાય ત્યાં બહુ મુશ્કેલી આવે છે. સઘરામ અને શાર્દૂલ, એનાં બે ઘર, વચમાં ઓસરી અને ચોક સોંસરી નાની દિવાલ. બે ભાઈ પોતપોતાના ઘરમાં રહે અને દરરોજ સાંજ પડે ભેળા બેસે. આજે મહારાજ ક્યાં હશે ? શું લીલા કરતા હશે? સાંજે બે ભાઈ ભેળા બેસી અને મનન કરે.

સ્વામિનારાયણ ભગવાન સઘરામને ઘેર બિરાજતા હતા. ત્યાં દૂર દૂરથી કોઈ સંતો આવતા દેખાયા. દૂરથી ભગવું લુગડું દેખાવા માંડ્યું. શ્રીજીમહારાજ કહે છે, જો સઘરામ સામે કોઈ સંતો દેખાય છે અને એ બ્રહ્માનંદ સ્વામી છે. જો સઘરામ ! બ્રહ્માનંદ સ્વામી અહીં જ આવે છે એટલે અમે સંતાઈ જઈએ છીએ. તું સ્વામીને કહેતો નહીં કે શ્રીજીમહારાજ અહીં બિરાજે છે. મહારાજ ! પણ સ્વામી ભાળી નહીં ગયા હોય ને ? ના..... ના...... અમે સંતાઈ જઈએ છીએ. અને શ્રીજીમહારાજ બે ભાઈના ઘર વચ્ચે પાંચ ફૂટની દિવાલ કુદીને શાર્દૂલના ઘરમાં પધાર્યા. કારણ કે જો દરવાજેથી જાય તો સ્વામી ભાળી જાય. એટલે દિવાલ કુદીને શાર્દૂલના ઘરમાં પધાર્યા.

સ્વામિનારાયણ ભગવાન જ્યાં દિવાલ કૂદવા ગયા ત્યાં એવું બન્યું કે પ્રભુના ચરણમાંથી એક મોજડી સઘરામના ઘરમાં પડી ગઈ. એટલે આ સઘરામ ભક્ત જેને અભણ ગણીએ પણ આ તો એક મુક્ત આત્મા હતો. મોજડી પડી ગઈ એટલે કહે છે, મહારાજ ! ઓ મહારાજ ! બૂમો ના પાડીશ. હા, પણ બીજી મોજડી પણ આ બાજુ આપી દો નહી તો હું સ્વામીને કહી દઈશ.

સ્વામિનારાયણ ભગવાનના જોડા ચોરવાનો એનો કાંઈ ઈરાદો નહોતો ! પણ એ મોજડીનો એને મહિમા હતો. આવી દિવ્ય મોજડી ક્યાં મળે ! હજારો વર્ષ તપ કરો તોય આ મોજડી ન મળે. અને મહારાજે દિવાલની પેલી બાજુથી બીજી મોજડી ફેંકી અને આ સઘરામને થયું. હાશ.... અહોભાગ્ય આપણાં. એ બેય મોજડી વસ્ત્રમાં લપેટી ઘરમાં કોઠલામાં સંતાડી દીધી.

શ્રીજી મહારાજ નાના ભાઈના ઘરમાં સંતાઈ ગયા છે અને આ બે મોજડી મોટાભાઈએ સંતાડી દીધી.

બ્રહ્માનંદ સ્વામી આવ્યા. સઘરામ ! જય સ્વામિનારાયણ. આવો.... આવો... સ્વામી.... સ્વામી કહે છે, સઘરામ ! મહારાજ નથી પધાર્યા ? ના સ્વામી મહારાજ પધાર્યા હોય તો કાંઈ ખાનગી રહે ! અહીં માણકી ઘોડી બાંધી હોય ને ! મહારાજ નથી પધાર્યા ? ખરો લાગે છે મારી આગળ ખોટું બોલે છે તું ! સ્વામીને અને આ સઘરામ ભક્તને હેત હતું. બ્રહ્માનંદ સ્વામીનો સ્વભાવ બહુ રમૂજી હતો. સ્વામી કહે છે, જો મારી પાસે ખોટું ન બોલાય. જુઠું બોલે એના હોઠ ધ્રૂજે, જુઠું બોલે એની આંખ ધ્રૂજે, સઘરામ તું કહે છે, શ્રીજીમહારાજ અહીં નથી. પણ તારા રોમ-રોમમાં જે આનંદ દેખાય છે, તારી આંખમાં, તારા હોઠ ઉપર, તારી વાણીમાં એ બધામાં જે આનંદ છે તે કહી આપે છે કે મહારાજ અહીં જ છે. અને વારેવારે સઘરામનું લક્ષ્ય પેલી મોજડી સંતાડેલીને એ કોઠલા તરફ જાય. ખિસ્સામાં બે હજાર રૂપિયા હોય ને, બસમાં બેસે ને વારેવારે હાથ ત્યાં લઈ જાય. જાણકાર જાણી જાય કે આમાં કાંઈક છે. આ સઘરામ ભક્તની વારે વારે દૃષ્ટિ ત્યાં જવા માંડી. સ્વામીને એમ કે વારે વારે આ કોઠલા તરફ કેમ જુએ છે ? સ્વામી ઉભા થયા, શું છે આ કોઠલામાં ? ઉભો થા, લાવ નહીં તો હું મારે હાથે લઈ લઈશ. આ ભોળા સઘરામે મોજડી બતાવી.

અને સ્વામીએ પોતાના સરોદાના તાર ઠીક કર્યા અને સઘરામના ઘરમાં જે દિવાલ મહારાજ કૂદ્યા હતા એ દિવાલ પાસે સ્વામી બેઠા અને સ્વામીએ તો શરૂ કર્યું -

**"માવ પડી રહી મોજડી રે વાલા, આવા તે કેમ અકળાણા રે, કુંજ વિહારી જી......."**

હે પ્રભુ ! આજ કેમ અકળાઈ ગયા. મોજડી અહીં પડી રહીને સંતાઈ ગયા ! સંતાવું હોય તો પહેલાં નિશાનીઓ બધી ભૂંસી નાંખવી પડે. આ તો આખી મોજડી જ પડી રહી. ફક્ત તમારાં પગલાં પડ્યાં હોય તોય હું શોધી કાઢત. આ તો મોટો પુરાવો છે કે તમે અહીં સંતાયા છો. આવા કેમ અકળાયા છો !

એક પદ, બીજું પદ, ત્રીજું પદ અને જ્યાં ચોથું પદ બ્રહ્માનંદ સ્વામીએ શરૂ કર્યું. એટલે એજ દિવાલેથી મહારાજ પાછા સ્વામી પાસે આવીને બેઠા. બસ.... બસ.... સ્વામી બસ. બ્રહ્માનંદ સ્વામી મહારાજના દર્શન કરી રાજી થયા. શ્રીજી મહારાજ બ્રહ્માનંદ સ્વામીના નવરચિત કીર્તન સાંભળી રાજી થયા અને કામ થઈ ગયું આ સઘરામ ભક્તનું !

મિત્રો ! આ રીતે કાણોતરમાં શ્રીજીમહારાજે લીલા કરી છે. એ મોજડી આજની તારીખે એના પરિવાર પાસે વંશ-વારસો પાસે એના ઘરમાં સચવાયેલી છે. અને આ સઘરામ-શાર્દૂલ ભક્તનું ઘર યાત્રાનું ધામ બની ગયું. હજારો ભક્તો-સંતો ત્યાં દર્શન કરવા જાય છે.

મિત્રો ! જોયું ને, સઘરામ ભક્તને કેવી તક ઝડપતાં આવડી. કેવો અદ્‌ભુત લાભ તેઓને મળ્યો ! એવો આપણને સાચો મહિમા હોય, શ્રધ્ધા હોય તો આપણને પણ એવો લાભ મળી શકે છે. સારી તક ઝડપી લેવા કાયમ સાવધાન રહેવું.

●

### મહત્વ છે નિયમનું

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ઘણીવાર સંતવચન અને સત્સંગથી બહુ મોટો લાભ થાય તેવું આપણે સાંભળતા હોઈએ છીએ પણ આપણને તે વાત સમજવામાં આવતી નથી. પણ ક્યાંય એવો બનાવ બને કે આપણને આ વાતની સાર્થકતા સમજાઈ જાય.

વાત જાણે એમ છે કે એક નાનું ગામ હતું. ગામમાં થોડા બંગલા અને બાકી બધા નાનાં નાનાં ઘરોમાં વિવિધ જાતિઓના માણસો વસવાટ કરતા હતા. બ્રાહ્મણો કર્મકાંડ વગેરેની પ્રવૃત્તિ કરાવતા હતા તો પટેલો ખેતીવાડી કરી અનાજ વેચતા. વણિક વેપારીઓ વિવિધ પ્રકારના વેપાર-ધંધા વગેરે કરતા. વળી પ્રજાપતિઓ પોતાની આગવી કારીગરીથી માટીના લોંદામાંથી માટલા, કલાડી, રામપાત્ર વગેરે અનેકવિધ વાસણો તૈયાર કરતા. ગામમાં ઘરડાં પણ હતા તો યુવાનો પણ ઘણાં હતાં. બાળકો પણ હતા ને બહેનો પણ હતા. સહુ પોતપોતાના કાર્યોમાં વ્યસ્ત રહેતા હતા.

એક વખત આ ગામમાં એક સાધુ મહાત્મા આવ્યા. એમણે આ ગામમાં પાણી અને સારા મંદિરની વ્યવસ્થા જોઈ એટલે એમને ગમી ગયું ને ત્યાં વસવાટ કર્યો. એક કહેવત છે કે - ''સાધુ, બ્રાહ્મણ ને ભાજી, પાણીથી બહુ રાજી.'' આ મહાત્માજી નદીમાં સ્નાન કરે, પૂજા-પાઠ કરે ને કથા-વાર્તા ઉપદેશ કરે. શરૂઆતમાં તો ખાલી નિવૃત્ત વૃધ્ધો આવતા પણ ધીમે ધીમે યુવાનો પણ કથા-વાર્તામાં આવવા લાગ્યા. ખાસ્સો ચાર-છ માસનો સમય વીતી ગયો એટલે આ મહાત્માજીએ ગામ છોડીને બીજે પ્રયાણ કરવાનું નક્કી કર્યું. કારણ કે - ''સાધુ તો ચલતા ભલા.''

વિદાય લેતા લેતા આ મહાત્માજીએ સહુને કાંઈ ને કાંઈ નિયમ લેવાની વાત કરી. નિયમ પૂર્વક પ્રભુ-ભક્તિ કરવાથી તેનું ફળ જલ્દીથી પ્રાપ્ત થાય છે. મહાત્માની વાત પર વિશ્વાસ રાખી સહુએ કાંઈને કાંઈ નિયમ લીધા. કોઈએ દેવ દર્શનનું, તો કોઈએ માળા ફેરવવાનું, તો કોઈએ શાસ્ત્ર વાંચનનું વગેરે વગેરે. નિયમો સહુ એ લીધા. એક ટોળામાં બધા યુવાનો પણ હતા. મહાત્માજીએ તેમને પણ નિયમો લેવા કીધું. કોઈ કોઈએ નિયમો લીધા પણ ત્યાં એક યુવાન બોલી ઉઠ્યો કે તમારા આ દર્શન, શાસ્ત્ર વાંચન વગેરે નિયમો મારાથી નહી પાળી શકાય. મહાત્માજી આ યુવાનને કહે છે કે તને જે સરળ લાગે તે નિયમ રાખ. તેણે વિચાર કરીને મહાત્માજી પાસે નિયમ લીધો કે મારી સામું એક પ્રજાપતિ રહે છે તેની દાઢી બહુ લાંબી છે. તો હું નિયમ લઉં છું કે તેની દાઢી જોયા પછી જ જમીશ. તે સામે જ રહે છે તેથી નિયમ સરળતાથી પાળી શકાશે. મહાત્માજી તો ચાલતા થઈ ગયા.

આ યુવાને ઘરે આવી બધાને પોતે લીધેલા નિયમની જાણ કરી દીધી. યુવાન પણ એવો કે દરરોજ પોતે લીધેલા નિયમનું પાલન કરતો હતો.

એક દિવસની વાત છે. આજે પેલો પ્રજાપતિ કાંઈ કામ હશે એટલે વહેલી સવારે માટી ખોદવા ચાલી નીકળ્યો. પેલો યુવાન તો ઉઠ્યો ને ચારે બાજુ જોવા લાગ્યો પણ પ્રજાપતિ ન દેખાતા એ તેને શોધતો શોધતો જ્યાં પેલો માટી ખોદતો હતો એ તરફ આવ્યો.

આ બાજુ વાત એમ બની કે પેલો માટી ખોદતો હતો ત્યાં ધડીમ દઈને અવાજ આવ્યો. તેણે જોયું તો સોનું ભરેલી દેગડી હતી તેણે વિચાર કર્યો કે કોઈ જોઈ ન જાય તે રીતે આ દેગડી ઘેર લઈ જઈશ. પણ ત્યાં તો પેલા યુવાનને પ્રજાપતિની દાઢી દેખાણી તેથી તેણે બુમો પાડી - એ દીઠી.... એ દીઠી....... ને પ્રજાપતિને ગભરામણ થઈ કે આણે પેલી સોનાની દેગડી જોઈ લીધી છે એટલે ''દીઠી'' એમ કહે છે. એટલે એણે કહ્યું - અરે ભાઈ ! આમ આવ. તેં ભલે દીઠી પણ તું કોઈને કહીશ નહીં. આપણે બંને અડધું અડધું કરી લઈએ. પેલો યુવાન તો વિચારતો જ રહ્યો કે આ શું છે ! પણ કાંઈ બોલ્યો નહીં. ત્યાં તો પ્રજાપતિએ સોનાની દેગડી કાઢી અને ખોલીને જે કાંઈ હતું તેનો અડધો ભાગ આપી દીધો.

મશ્કરીમાં પણ લીધેલા નિયમથી અને તેના પાલનથી આ યુવાન માલામાલ થઈ ગયો. તેને વિચાર થયો કે જો મેં મશ્કરીથી પણ આ નિયમ લીધો તો મને કેટલો ફાયદો થયો ! આમ વિચારીને મહાત્માજી પાસે ગયો અને વિધિવત શ્રધ્ધાપૂર્વક નિયમ લઈ જીંદગી જીવવા લાગ્યો.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાને આપેલા નિયમોનું શ્રધ્ધાપૂર્વક પાલન કરીશું તો સર્વદા સુખની પ્રાપ્તિ થશે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે - નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણ જેના જીવનમાં દ્રઢ હોય તેજ પાકો સત્સંગી કહેવાય.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**(એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"પરમાત્મા સાથે જોડાઈને રહેવાથી કાયમ માટે સુખની અનુભૂતિ રહે છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

માયાનું સુખ અનાદિકાળથી જીવને મળતુ આવ્યું છે. અનાદિકાળથી આ જીવ તેને ભોગવે છે છતાં પણ 'જીવ' અશાંત અપૂર્ણતા અને અતૃપ્તિનો અનુભવ કરે છે. **કેમ કે ?** માયાનું સુખ છે તે નાશવંત સુખ છે. આ સંસારના સુખની પૂર્ણાહુતિ થતી જ નથી. સાઈકલ હોય તેને ગાડી જોઈએ છે. પરિશ્રમ કરીને પૈસા ભેગા કરીને જે વસ્તુ પ્રાપ્ત કરી લઈએ પછી તેમાંથી રસ ઉડી જાય છે. જ્યાં સુધી ના મળે ત્યાં સુધી એક જ વસ્તુ દેખાય છે. મળી ગયા પછી બીજી વસ્તુ મેળવવાની વિચારણા ચાલું થાય છે. તૃપ્તિ થતી જ નથી. કોઈ પૂર્ણતાને પામતું નથી. (જ્યારે સાચું જ્ઞાન થશે ત્યારે જ માણસની વૃત્તિ જગતના સુખમાંથી નીકળશે.) અને બીક પણ રહે છે કે મને મળ્યું છે તે રહેશે કે નહિ. જતું રહેશે તો. કેમ કે ? નાશવંત છે. માછલા જ્યાં સુધી નદીમાં હોય તો બીક રહે છે કે કદાચ પાણી સૂકાઈ જશે તો ? પરંતુ સમુદ્રમાં હોય તો ખબર છે કે સૂકાવાનું નથી. તો **આ જગતનું સુખ છે તે નદી જેવું છે, અને પરમાત્માનું સુખ છે તે સાગર સમાન છે.** તે ક્યારેય ખતમ થઈ જતું નથી. એમ સમજીને રહેવાનું છે. પરંતુ આ જીવ છે તે ભગવાન અને માયાની વચ્ચે છે. અને ભગવાન તરફ ઓછું જવાય છે. **એવું કેમ થાય છે ? એનું કારણ શું છે ?** તો અલ્પ જ્ઞાનને લીધે જે વસ્તુ વધારે દેખાય છે એના પ્રત્યે વધારે આકર્ષણ થાય છે. માણસનો સ્વભાવ છે. જે વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે તેના પ્રત્યે વધારે ખેંચાણ થાય છે. અને આખું જગત માયાનું જ છે. માટે ભગવાન તરફ ઓછું જવાય છે. અને માયિક સુખની વ્યાખ્યા દરેક વ્યક્તિ માટે જુદી જુદી હોય છે. કોઈને જમવાનું ન મળતું હોય તો બે રોટલા મળે તો સુખ વધારે લાગે. જેને માત્ર રોટલા મળતા હોય તેને પકવાન મળે તો સુખ વધારે લાગે. આ સારુ જમવાનું, સારું સાંભળવાનું, સારા સારા દશ્યો જોવાના આ બધું ક્ષણ ભંગુર સુખ છે. પરંતુ આ બધું માયિક સુખ છે ને તેમાં એક સુખ છે તે સૌથી મોટું છે. **ક્યું? તો સુષુપ્તિ અવસ્થાનું જે સુખ છે ને તે મોટું કહેવાય છે અને તે બધાને મળે છે.** સવારે જાગીએ ને એટલે એવું થાય કે બહુ સરસ ઉંઘ આવી ગઈ. ખબર પણ ન પડે કે સવાર ક્યારે થઈ ગઈ. જો કે ઘણાને એવું થતું હોય છે કે અડધી રાત સ્વપ્નામાં જ જાય. પરંતુ જ્યારે કોઈ પણ 'સ્વપ્ન' ન આવે ને ઘસઘસાટ ગાઢ નિંદ્રા આવી જાય તો એવું લાગે કે જાણે તરત જ સવાર થઈગઈ. કારણ કે એ સમયે આપણી બધી ઈન્દ્રિયો નિષ્ક્રિય થઈ જાય છે. ઉંઘવામાં આપણે કાંઈ પણ પ્રયત્ન નથી કરતા તો પણ સુખ મળે છે. ઈન્દ્રિયો અને બધા અવયવો નિષ્ક્રિય હોય છે. તો પણ સુષુપ્તિ અવસ્થામાં જે સુખ મળે છે એવું જાગ્રત અવસ્થામાં મળતું નથી. સુષુપ્તિ અવસ્થામાં આત્મા પરમાત્મા જોડે લીન થઈ જાય છે. એટલે કાંઈ યાદ રહેતું નથી. **આપણી આંખ ખુલે એટલે તરત જ આપણે માયાના ક્ષેત્રમાં પ્રવેશ કરી દઈએ છીએ. તો જે સુખ સુષુપ્તિ અવસ્થામાં મળે છે તે સુખ જાગ્રત અવસ્થામાં જોઈતું હોય તો ઈન્દ્રિયોને ભગવાનની આજ્ઞામાં રાખવાથી એટલે કે જીવ ભગવાન સાથે જોડાઈને રહે તો મળે છે. અને તે સુખ ક્ષણિક નથી. જ્યારે સુષુપ્તિ અવસ્થાનું સુખ તો ક્ષણિક છે. જે વ્યક્તિ આવી રીતે ભગવાન સાથે જોડાઈને રહે છે તેને જાગ્રત અવસ્થામાં પણ કાયમ માટે સુખની અનુભૂતિ રહે છે.**

દરેક વ્યક્તિ ત્રણ પ્રકારે સુખ ભોગવે છે. **'ભુક્તિ', 'ભક્તિ', અને 'મુક્તિ' તો 'ભુક્તિ' એટલે 'જડ' વસ્તુથી જે સુખ પ્રાપ્ત થાય તેને ભુક્તિ કહેવાય છે.** આપણી ઈન્દ્રિયો દ્વારા આપણે જે સુખ પ્રાપ્ત કરીએ છીએ તે 'જડ' વસ્તુ દ્વારા પ્રાપ્ત કરેલું સુખ કહેવાય છે. આપણને લાગે છે કે ઈન્દ્રિયો છે તે ચેતન છે. પરંતુ **ઈન્દ્રિયો 'જડ' છે. કેમ કે ?** આપણા શરીરમાં 'આત્મા' હોય છે ત્યાં સુધી કામ કરે છે. આત્મા જે ચેતન તત્વ છે તેની હાજરીથી ઈન્દ્રિયો સક્રિય બની કાર્ય કરી શકે છે. વાસ્તવમાં ઈન્દ્રિયો જડ છે. આત્મા શરીર છોડે છે ત્યારે તે નિષ્ક્રિય બની જાય છે. અને ૯૯% લોકો ઈન્દ્રિયોના સુખ પાછળ જ હોય છે. તો એ જે **'ભુક્તિ' છે તે આપણને ભગવાનથી દૂર કરે છે.**

બીજુ છે **'ભક્તિ'**, ભક્તિ એટલે કોઈ પણ સ્વાર્થ વગર અપેક્ષા વગર નિષ્કામ ભાવથી માત્ર ભગવાનને રાજી કરવા માટે કાર્ય કરવાનું તેને સાચી ભક્તિ કહેવાય છે. મોટા ભાગના લોકો 'માયિક' સુખ માટે જ ભગવાનની ભક્તિ કરતા હોય છે. પરંતુ **જે ભગવાનના સાચા ભક્ત હોય છે તે આવી નિષ્કામ ભક્તિ કરતા હોય છે. કેમ કે ? આવી નિષ્કામ ભક્તિ થશે પછી જ 'મુક્તિ' મળશે.**

**હવે 'મુક્તિ' માટે શું કરવાનું ?** તો આજે હું છું તો કાલે રહીશ કે નહિ એ પહેલા જે કાર્ય કરવાનું છે તે કરી લેવાનું. કાર્ય પતી ગયુ હશે તો વાંધો નહિ આવે. જો રાત્રે શાંતિથી સૂઈ જવું હોય તો પણ કોઈ એવું કાર્ય હોય તો તે કામ બાકી રાખીને સૂઈએ તો ઉંઘ આવતી નથી. તેવી રીતે આપણે જ્યારે ચિર નિંદ્રામાં જઈએ **(આપણે દેહ છોડીએ તેને ચિર નિંદ્રા કહેવાય છે.)** ત્યારે 'મુક્તિ' જોઈતી હોય તો અંદર જે ભરીને રાખ્યું છે તે બધું કાઢવું પડશે. એ બધું લઈને જો ચિર નિંદ્રામાં જઈશું તો પાછું જાગવું પડશે. જાગવું પડશે અર્થાત્ પાછું આવવું પડશે અને એ જ વસ્તુ આપણને પાછા ભવસાગરમાં ડૂબાડી દેશે. જે લોકો સંસારી છે અલ્પજ્ઞાની છે **જેમને ખ્યાલ જ નથી કે મનુષ્ય જન્મનો હેતુ શું છે ?** તે લોકો 'માયિક' સુખ માટે એવો વિચાર કરે છે કે કાલે નહિ હોઈએ તો ? માટે બધા મોજ-શોખ કરી લઈએ. પરંતુ આપણા ઉપર તો **કેટલી બધી મહારાજની કૃપા હશે અને આપણા કેટલા પુણ્ય ભેગા થયા હશે ત્યારે આ ભરતખંડમાં જન્મ મળ્યો અને તેથી પણ વિશેષ એ છે કે ભરતખંડમાં જન્મ મળ્યા પછી આ 'શ્રી નરનારાયણદેવ' મળ્યા છે.** આપણા જીવનમાં હકીકતમાં જોઈએ તો કોઈ પણ વસ્તુની ખામી છે જ નહિ. બે ટાઈમ જમવાનું મહારાજ આપે છે. મંદિરમાં ત્રણ-ચાર કલાક શાંતિથી બેસીને ભજન કરો તો કોઈ તમને રોકવાવાળું છે જ નહિ. તો **જાગ્રત અવસ્થામાં પણ મનથી ભગવાન સાથે સતત જોડાઈને રહીએ અને મહારાજની આજ્ઞામાં રહીને પ્રયત્ન કરીએ તો સહેલાઈથી 'મુક્તિ' પણ મળી જશે.**

●

**વિશ્વાસ**

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

વિશ્વાસ એટલે ભરોંસો. ભરોંસો એટલે આ વાત સાચીજ છે. એવી જે દ્રઢ પ્રતિતી. વિશ્વાસ એટલે અનુભવ ન થતો હોય તો પણ માનવું. સ્વીકારવું. અનંત સત્ય વસ્તુઓ આ દુનિયામાં પોતાનું અસ્તિત્વ ધરાવે છે. જેનાથી આપણે સાવ અજાણ છીએ. આવી અજ્ઞાત વસ્તુઓનો સ્વીકાર કરવો તે વિશ્વાસ. રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ. પરંતુ તેમાં સંશય ન થાય તેનું નામ વિશ્વાસ. વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે. વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે. વિશ્વાસ એક વિશિષ્ટ પ્રકારનો શ્વાસ છે. સામાન્ય શ્વાસ પ્રાણ વાયુ દ્વારા આપણા શરીરને ટકાવે છે. જ્યારે વિશ્વાસ જીવતરમાં આનંદનો પ્રાણ પૂરે છે.

વિશ્વાસ જીવનની પ્રત્યેક ક્રિયાઓ સાથે જીવનના પ્રત્યેક ક્ષેત્ર સાથે જોડાયેલી વસ્તુ છે. જેમ કે સગોભાઈ પોતાના ભાઈને છેતરપિંડીથી મારી નાખે, પતિ પત્નીને દગો દે, પત્ની પતિને જમવામાં ઝેર આપી મારી નાખે આવી અનેક સત્ય હકીકતો આપણે જાણતા હોઈએ છતાં પણ આપણે જમીએ છીએ ત્યારે જો આનંદથી જમતા હોઈએ તો સમજવું કે રસોઈ બનાવનાર ઉપર વિશ્વાસ છે. ભૂકંપ ગમે ત્યારે અને ગમે ત્યાં થઈ શકે છે. એમ છતાં પણ આપણે જો પ્રેમથી કોઈ ૧૧ માળના મકાનમાં રહેતા હોઈએ, ગલી-મહોલ્લામાં ફરતા હોઈએ તો સમજવું કે હું જ્યાં રહું છું ત્યાં તો ભૂંકપ નહીં જ આવે. એવા વિશ્વાસથી જ આનંદમાં રહીએ છીએ. રોજના હજારો લોકોના પ્રવાસમાં અકસ્માતથી મોત થાય છે. એમ છતાં પણ આપણે પ્લેનમાં, કારમાં કે ટ્રેનમાં પ્રવાસ કરીએ છીએ ને આનંદ માણીએ છીએ. તો માનવું કે આપણને તેમાં વિશ્વાસ છે. સેંકડો મકાનોમાં ચોરી થાય છે. ઘરના બારણા, દરવાજા તોડીને કિંમતી વસ્તુઓ કેટલાયના ઘરેથી લઈ જાય છે. છતાંય આપણે આપણા ઘરના દરવાજાને અતિ સામાન્ય ૫૦ રૂપિયાનું તાળું મારીએ છીએ. ને પછી બહાર ગમે ત્યાં જઈએ છીએ. કેમ કે ૫૦ રૂપિયાના તાળા ઉપર વિશ્વાસ મૂકે છે. પરંતુ ભગવાન ઉપર વિશ્વાસ રાખતા નથી. આપણે ક્ષુલ્લક તાળામાં મહાન શ્રધ્ધા ધરાવીએ છીએ. આમ સતત આપણે વિશ્વાસથી જ જીવીએ છીએ. વિશ્વાસ વગર શ્વાસ લેવો પણ શક્ય નથી.

આપણા ભારત દેશના અનેક સંતો-ભક્તો તેમજ ઋષિ મુનિઓએ વિશ્વાસથી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ભગવાનમાં વિશ્વાસ મૂકવો અથવા ભગવાનના વચનમાં વિશ્વાસ મૂકવાથી આધ્યાત્મિક જીવનનો વિકાસ થાય છે. વિશ્વાસ એ અશક્ય ને શક્ય બનાવે છે. સફળતાનો આધાર વિશ્વાસ પર હોય છે.

એકલવ્યે ગારાની મૂર્તિમાં વિશ્વાસ મૂક્યો કે આ મારા ગુરુ છે. તો તેની સાધના સફળ થઈ. દેવતા, ગુરુ કે ભગવાનની મૂર્તિ ન તો લાકડાની છે કે ન તો પથ્થરની કે આરસની છે. તે તો વિશ્વાસની મૂર્તિઓ છે. આપણો પ્રાચીન ધર્મ કહે છે કે ભગવાનમાં વિશ્વાસ નથી કરતો તે જ નાસ્તિક છે. મોક્ષના માર્ગમાં પણ વિશ્વાસની ખૂબ જરૂરીયાત છે. વિશ્વાસ એ જીવન છે. અવિશ્વાસ એ મૃત્યુ છે. સારંગપુરના નવમાં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, સંતનો તથા પરમેશ્વરનો અતિ દ્રઢ

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

વિશ્વાસ હોય તો ગમે તેવા તામસી કર્મ હોય તો પણ તેનો નાશ થઈ જાય છે. અને કળિયુગના ધર્મ મટીને સત્યુગના ધર્મ વર્તે છે. પરંતુ પ્રગટ ભગવાન હોય અથવા પ્રગટ સંત હોય ત્યારે તેના વચનમાં વિશ્વાસ આવતો નથી. વિશ્વાસ હોય તેને જ બધી વાતુ મનાય, વચન મનાય છે. તુલસીદાસે રામાયણમાં લખ્યું છે કે **"બિનુ વિશ્વાસ ભગતિ નહિ"** કુરાનમાં કહ્યું છે કે **"અલ્લાહના રસુલ પર ઈમાન (વિશ્વાસ) લાવો."** જેથી તે અલ્લાહની બેવડી કૃપા થાય છે.

વિશ્વાસ શ્વાસની જેમ જીવન બની જાય ત્યારે જ ભગવાન તેની રક્ષા કરે છે. ભરવાડણ ને રામ-નામમાં વિશ્વાસ હતો તો નદી તરી ગઈ. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે "અચલ ભરોંસો ભગવાનનો જોઈએ. જનને ભરપૂર અચલ ભરોંસો હોવો જોઈએ. હૃદયથી દ્રઢ વિશ્વાસ હોય તો તેને મૃત્યુનો ભય રહેતો નથી. એવું મહારાજે (લોયાના-૨) વચનામૃતમાં કહ્યું છે.

એવા વિશ્વાસુ ભક્ત દાદા ખાચર હતા. વચનામૃતના પાને પાને નામ લખાયેલું છે. જેનો સમર્પણ ભાવ અજોડ હતો. દાદા ખાચરના મનને વિશે કોઈ વાતનો લગારેય સંશય થતો નહિ. એકવાર લાડુબા તથા જીવુબા વચ્ચે મહારાજ ખાટે બેસી હીંચકતા હતા. ત્યાં દાદાખાચર ગયા. ત્યારે મહારાજે દાદાખાચરને પૂછ્યું, તમને કાંઈ સંશય થાય છે ? તો કહે ના મહારાજ, બેન ને બનેવી સાથે બેઠા હોય તેમાં શું સંશય થાય. તમે તો ભગવાન છો ને આ બેય બ્રહ્મની મૂર્તિઓ છે. તેમાં મને શું સંશય થાય ? એમ કહી મહારાજને ઝુલાવ્યા. એવું દાદાખાચરથી થાય બીજાથી ન થાય.

એકવાર દાદાખાચરને ભાવનગરના રાજા વજેસિંહજીએ કહ્યું જે, તમારી બહેનો સ્વામિનારાયણને ભળાવી દીધી છે ? ત્યારે દાદાખાચર કહે જે કોઈક કાઠીને ભળાવી દેત તે કરતાં આ તો ભગવાન છે. જેને મરીને પામવા હતા તે દેહ છતાં જ મળ્યા તે એમના મોટા ભાગ્ય એમ સમજીએ છીએ. આમ દાદાખાચરથી કહેવાય બીજાથી ન કહેવાય. માટે એના વખાણ થાય છે. વ્હાલા ભક્તો, કેવો વિશ્વાસ, કેવું નિશ્ચયનું દૃઢ બળ હશે ત્યારે આમ ઉત્તર આપી શકે. ગઢડાના અંતિમ વચનામૃત ૨૪ માં દાદા ખાચરનું નામ લીધું છે. જે જે અંગ હતા તે હરિભક્તનું સરસ અંગની વાત કહો. તેમાં પ્રથમ દાદાખાચરને વિશ્વાસનું અંગ એમ કહ્યું છે. જુઓ તો ખરા કેવો મહારાજના વચનમાં વિશ્વાસ હશે ત્યારે તેની ભક્તિ ને વશ થઈ ભગવાન તેને ઘેર રહ્યા ને એમ વર આપ્યો જે **'આ ગઢડા મારૂં ને હું ગઢડાનો તે કદી નથી મટવાનો"** માટે પૂર્ણ વિશ્વાસથી જ સાધનાના માર્ગમાં આગળ વધવું. તો જ સાધના સફળ થશે. ને આધ્યાત્મિક જીવનનો વિકાસ થશે.

●

**'આંતર દીપ પાથ રે.... આંતર ઓજસ !'**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

દિવાળી આવી અને ગઈ ! આપણે અગિયારસથી દિવાળીના પર્વની શરૂઆત ગણીએ તો પર્વ ૬-૭ દિવસ ચાલે, આનંદ આનંદ થઈ રહે. ઘર, મહોલ્લો અને ગામ બધું ઝળકી ઉઠે. સાફ સૂફીને પ્રાધાન્ય અપાય ? શું દિવાળીના દિવસોમાં ઘર, ગલી બધું સાફ કરી ચમકાવવું અને ઝળકાવવું... બસ બાહ્ય શુદ્ધિથી સર્વ કામ... અંતરની શુદ્ધિની જરાયે જરૂરત નથી? સાચે તો આંતર-માનસપટની અશુદ્ધિ છે તો દુનિયા આખી મેલી... કારણ મન જ જ્યાં તો બાહ્ય, સુંદરતા કે શુદ્ધતાનો શું અર્થ ? દીવા પ્રગટાવી લાઈટો અને ઝુમ્મરોના ઝગમગાટથી શું મનનો દીવો પ્રગટાવી શકાશે ? જો મનમાં જ અંધકાર હશે તો બાહ્ય ઝળકાટની શું વિસાત ? માનવીએ હંમેશાં ચેતનાથી સભર અને સંવેદનશીલ આંતર દીવો પ્રગટેલો જ રાખવો અને પ્રભુમય રહેવા ગતિશીલ બનવું, કોઈને માટે દુરાગ્રહ કે પરિગ્રહ ન રાખવો, મન ને સાફ રાખવું અને ખરા અર્થમાં 'માનવી' બનવું. ઈશ્વરે આ અમૂલ્ય મનુષ્ય જીવન બક્ષ્યું છે તો તેને સાર્થક કરવું. સત્ય, અહિંસા, દયા માયા અને ઉદારતાનો આવિર્ભાવ થવા દેવો. અહંકાર અને અભિમાનથી દૂર રહેવું. 'માણસાઈથી જીવી સુવાસ ફેલાવો ! સમાજ અને સંબંધોના તાણા વાણાને વણી, જીવનને ઉજાળી' એજ જીવનનો ધ્યેય રાખવો. ઈશ્વરની કૃતજ્ઞતા વિસારી 'કૃતઘ્ન' ન બનવા પ્રભુને પ્રાર્થના કરવી.

ઈશ્વરને અંતરથી એક અભ્યર્થના કરવી, 'જીવ માત્રને મદદ રૂપ થવા પ્રયત્નશીલ રહું. હું પોતે જ પોતાનો દીપ બની ભીતરમાં દીપ પ્રગટાવું. સ્વ પ્રકાશ અનુભવું. કારણ પારકું અજવાળું નકામું. ઉછીનું લીધું હોય તે ખૂટી જાય. સ્વયંભૂ તેજ જ અખૂટ અપૂર્વ હોય ! સૂર્ય, ચંદ્ર કે અનેક તેજસ્વી તારલાઓ આભમાં તેજ પ્રદાન કરતાં હોય પણ આપણા મનાકાશમાં તો આપણો દીવો આંતર દીવો, તો આપણે જ પ્રગટાવવાનો હોય.... જેથી સત્ય અને પ્રેમથી જીવન ઝળહળતું રહે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમ જેઠ માસ (પુરૂષોત્તમમાસ)ની ભવ્ય ઉજવણી

| તિથિ | તારીખ | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| જેઠ સુદ-૧ બુધવાર | ૧૬-૫-૨૦૧૮ | ગ્વાલબાલ દર્શન | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૨ ગુરુવાર | ૧૭-૫-૨૦૧૮ | રથયાત્રા | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૩/૪ શુક્રવાર | ૧૮-૫-૨૦૧૮ | શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | | ૮-૩૦ સવારે અન્નકુટ શણગાર |
| જેઠ સુદ-૫ શનિ | ૧૯-૫-૨૦૧૮ | વસંત પંચમી | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૬ રવિવાર | ૨૦-૫-૨૦૧૮ | કુંજગલી | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૭ સોમવાર | ૨૧-૫-૨૦૧૮ | શાકોત્સવ | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૮ મંગળવાર | ૨૨-૫-૨૦૧૮ | રાધાષ્ટમી | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૯ બુધવાર | ૨૩-૫-૨૦૧૮ | રામનવમી તથા | |
| | | શ્રી સ્વામિનારાયણ જયંતી | |
| | | બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | મહારાજનો પાટોત્સવ | |
| | | શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ | ૮-૦૫ સવારે શણગાર |
| જેઠ સુદ-૧૦ ગુરુવાર | ૨૪-૫-૨૦૧૮ | વિજ્યા દશમી | ૮-૦૫ સવારે અન્નકૂટ દર્શન |
| જેઠ સુદ-૧૧ શુક્રવાર | ૨૫-૫-૨૦૧૮ | હિંડોળા ફૂલના | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૧૨ શનિવાર | ૨૬-૫-૨૦૧૮ | વામન બારસ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | રંગમહોલ ઘનશ્યામ | ૮-૦૫ સવારે અન્નકૂટ શણગાર |
| | | મહારાજનો પાટોત્સવ | |
| જેઠ સુદ-૧૩ રવિવાર | ૨૭-૫-૨૦૧૮ | હિંડોળા ફૂલના | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૧૪ સોમવાર | ૨૮-૫-૨૦૧૮ | નૃસિંહ જયંતી | ૮-૦૫ સવારે |
| જેઠ સુદ-૧૫ મંગળવાર | ૨૯-૫-૨૦૧૮ | શરદોત્સવ | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૧ બુધવાર | ૩૦-૫-૨૦૧૮ | કેશર સ્નાન | ૬-૩૦ સવારે |
| જેઠ વદ-૨ ગુરુવાર | ૩૧-૫-૨૦૧૮ | હિંડોળા ફૂલના | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૩ શુક્રવાર | ૧-૬-૨૦૧૮ | હિંડોળા ચોકલેટના | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૪ શનિવાર | ૨-૬-૨૦૧૮ | હિંડોળા જરીના | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૫ રવિવાર | ૩-૬-૨૦૧૮ | સમૂહ મહાપૂજા મુખ્ય યજમાન | ૮-૦૫ સવારે |
| | | સમૂહ મહાપૂજા સહ યજમાન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૫ સોમવાર | ૪-૬-૨૦૧૮ | હિંડોળા ફૂલના | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૬ મંગળવાર | ૫-૬-૨૦૧૮ | છપૈયાધામ દર્શન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૭ બુધવાર | ૬-૬-૨૦૧૮ | વન વિચરણ દર્શન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૮ ગુરુવાર | ૭-૬-૨૦૧૮ | જન્માષ્ટમી | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૯ શુક્રવાર | ૮-૬-૨૦૧૮ | નંદ મહોત્સવ | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૧૦ શનિવાર | ૯-૬-૨૦૧૮ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૧૧ રવિવાર | ૧૦-૬-૨૦૧૮ | હિમાલય દર્શન | ૮-૩૦ સવારે |
| જેઠ વદ-૧૨ સોમવાર | ૧૧-૬-૨૦૧૮ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૧૩/૧૪ મંગળવાર | ૧૨-૬-૨૦૧૮ | શિવરાત્રિ શિવ પૂજન | ૮-૦૫ સવારે |
| | | શ્રી હનુમાનજીનું પૂજન | ૮-૦૫ સવારે |
| જેઠ વદ-૩૦ બુર્ધવાર | ૧૩-૬-૨૦૧૮ | અન્નકૂટ ગોવર્ધન પૂજા | ૮-૩૦ સવારે |

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ભગવાનનો ભક્ત થાય તેના ઈકોતેર પરીયા ઉધરે છે તેમાં ભગવાનનો દ્વેષી હોય તે કેવી રીતે ઉધરે છે ?

**પ્ર. ૨** ૨૫૦ જેટલા સંતોની સાથે સ્વરૂપાનંદ સ્વામી જામનગરમાં લખોટા તળાવની પાળે ઉતર્યા હતા. તેવામાં ગામમાંથી વણિકજન ભેગા થઈ ત્યાં આવીને સ્વરૂપાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''તમારામાં કોઈ કૃષ્ણ જેસા હૈ ? ત્યારે સ્વામીએ શું કહ્યું ?''

**પ્ર. ૩** ''સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોના ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ છે.'' - શ્રીજી મહારાજે ક્યા ગામમાં આ વચનામૃત કહ્યું છે.

**પ્ર. ૪** શ્રીજી મહારાજ દદુકા ગામમાં કેટલી વખત પધારેલા છે ?

**પ્ર. ૫** બાલ્યાવસ્થામાં સારી નરસી પ્રકૃતિ તે સંગે કરીને થાય છે કે જીવનમાં જ છે ?

**પ્ર. ૬** ડભાણમાં દર્શન સારૂ પ્રભાતગર બાવો રણુંના તલસીભાઈ તથા લલ્લુભાઈ સાથે યજ્ઞમાં આવેલો. સભામાં શ્રીજી મહારાજ ગોદડી ઓઢીને બિરાજમાન હતા ત્યારે પ્રભાતગર બાવાને મનમાં શું સંકલ્પ થયો ?

**પ્ર. ૭** ''ગોપીનાથ રહો મારા મહોલમાં, સુખદાયક રે પ્યારા શ્રી ઘનશ્યામ......'' - આ સુંદર કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

## એપ્રિલ-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** પરમ ધર્મ, પાખંડ ધર્મ, કલ્પિત ધર્મનું આચરણ ન કરવું શ્લોક-૨૪. **(૨)** આર્તભક્ત, અર્થાર્થી ભક્ત, જીજ્ઞાસુ ભક્ત, જ્ઞાની ભક્ત. **(૩)** ''તોરણે આવેલા વરરાજાને જે રીતે સ્ત્રીઓ પોંખે છે તેવી રીતે.'' **(૪)** ''ખબરદાર થઈને મંડે તો આ દેહે જ સર્વે કસર ટળી જાય ને અંત સમે અતિશે પ્રીતિએ કરીને ભગવાનને વિષે જોડાઈ જાય તો અંત સમે પણ કસર માત્ર ટળી જાય છે.'' **(૫)** ''બ્રહ્માનંદ કહે હરિગુણ ગાઈશ, તો પામીશ મોટાઈ રે....'' **(૬)** ''પોતાને પહેરવાની મોજડીઓ હતી તે જોઈતા પગીને આપી. **(૭)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧ ભાવસાર ચંદુભાઈ પુરુષોત્તમદાસ (નવાવાડજ)
૨ ભાવસાર ગીતાબેન રસિકલાલ (ઘાટલોડીયા)
૩ ભાવસાર દિશાબેન કે. (નારણપુરા)
૪ ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૫ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૬ પટેલ જોત્સ્નાબેન રાજુલાલ (આનંદપુરા)
૭ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૮ પટેલ વિનોદ પી. (વહેલાલ)
૯ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૦ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૧ પટેલ વસંતીબેન જયંતિલાલ (ઉંઝા)
૧૨ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૩ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૧૪ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૫ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૬ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૧૭ ગાંધી જ્યોત્સનાબેન એચ. (સુરેન્દ્રનગર)
૧૮ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૯ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૨૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૨૨ પટેલ જયંતિભાઈ અંબાલાલ
૨૩ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૨૪ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૨૫ વસોયા રંજનબેન કાનજીભાઈ (જશોદાનગર)
૨૬ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૭ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૨૮ પટેલ શારદાબેન રવજીભાઈ (સાબરમતી)
૨૯ પટેલ શારદાબેન કિરણભાઈ (સાબરમતી)
૩૦ પટેલ લલીતાબેન રમણલાલ (સાબરમતી)
૩૧ પટેલ રમણભાઈ મરઘાભાઈ (સાબરમતી)
૩૨ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૩ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૩૪ પટેલ ઉષાબેન, પટેલ શારદાબેન (વાવોલ)
૩૫ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૬ સાં.યો. બહેનો (સ્વા. મંદિર જુનું મોરબી)
૩૭ સોની વર્ષાબેન અરવિંદભાઈ (નવરંગપુરા)
૩૮ ઝોલાપરા શોભનાબેન કે. (સુરેન્દ્રનગર)
૩૯ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૪૦ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૪૧ ભાવસાર વિણાબેન આર. (નવરંગપુરા)
૪૨ સાં.યો. ભારતીબા, મંજુબા (હવેલી - કાલુપુર)
૪૩ સાં.યો. બહેનો (સ્વા. મંદિર વાવોલ)
૪૪ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૫ પટેલ ઈલાબેન પ્રવિણભાઈ (અંબાપુર)
૪૬ પટેલ સંગીતાબેન અરૂણભાઈ (અંબાપુર)
૪૭ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૪૮ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૪૯ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવ આદિ દેવોને ચંદનના વાઘાના દર્શન**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમયમાં સંત-હરિભક્તો ઉપર શ્રીહરિ ખૂબજ રાજી થતા ત્યારે સુંદર સુવર્ણ-ચાંદીના કટોરામાં મલીયાગર શિતળ સુગંધીમાન ચંદન-સુખડ ભગવાન શ્રીહરિના અંગો ઉપર ચર્ચીને પૂજન કરતા તે પરંપરા આજે પણ જળવાઈ રહી છે. વૈશાખ સુદ-૩ (ત્રીજ) અક્ષય તૃતીયાથી લઈ જેઠ સુદ-૧૫ પર્યન્ત સુગંધીમાન ચંદનથી પરમકૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણાદિદેવો ને જેમ વસ્ત્રના વાઘા ધરાવાય છે તેવા જ સુંદર ઓપ આપીને ચંદનના વાઘા ધરાવાય છે. જે ઉનાળાની અસહ્ય ગરમીમાં શિતળતા આપે છે.

શ્રધ્ધાળુ હરિભક્તો યજમાન બની આવી અલૌકિક સેવાનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. શ્રી નરનારાયણદેવના નાના એવા બ્રહ્મચારી સંતો ભગવાનને રાજી કરવા ખૂબજ દાખડો કરે છે. સમગ્ર ધર્મકુળ પરિવાર તેમના આવા સેવાના કાર્યથી ખૂબજ રાજી થાય છે. આ વખતે અધિક જેઠ માસ હોવાથી અઢી માસ પર્યન્ત ચંદનના વાઘાના દર્શન થશે. દૂર વસતા હરિભક્તોએ એકવાર તો અચૂક ચંદનના વાઘાના દર્શનનો જરૂર લાભ લેશો.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી - કાલુપુર)

**કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર (હવેલીમાં) પ્રથમ બાલિકા શિબિર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા એવમ્ આશીર્વાદથી તા. ૧૯-૪-૨૦૧૮ ના રોજ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અમદાવાદના ત્રણસો જેટલી બાલિકાઓએ લાભ લીધો હતો. આપણા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તેમજ પૂ. શ્રીરાજાએ પધારી બાલિકાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. છેલ્લે સૌને પ.પૂ. ગાદીવાળાશ્રીએ ખૂબજ રૂડા આશીર્વાદ આપી બાલિકાઓને ખૂબજ પોત્સાહિત કરી રાજી થયા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા ૫૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડાનો ૫૫ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. કેશાભાઈ પટેલ પરિવારના યજમાનપદે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે ગાંધીનગર સે-૨ મંદિરથી મહંત શા. પી.પી. સ્વામી અને બાલસ્વરૂપ સ્વામી આદિ સંત મંડળ સાથે પધારીને કથાવાર્તા કરીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સુંદર લાભ આપ્યો હતો.

આગામી ત્રણ પાટોત્સવના યજમાન સભામાંજ નોંધાઈ ગયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

(ધવલ પટેલ - ચાંદખેડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની (બાપુનગર) સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા પ.ભ. દાસભાઈના માર્ગદર્શનથી શ્રીનરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી તા. ૧-૪-૧૮ ના રોજ શ્રી સુધીરભાઈ પરસોતમભાઈ શેખપરાના યજમાનપદે પ્રથમ માસિક સભાનું આયોજન સુંદર રીતે સંપન્ન થયું. જે હવે દર માસના છેલ્લા રવિવારે નિયમિત થશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ખાતે પ્રથમ મહામંત્ર ધૂન ત્યારબાદ રાત્રીના ૧૧ કલાક પર્યન્ત સ.ગુ. મહંત શા. દિવ્યપ્રકાશ સ્વામી (નારણઘાટ)એ નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રીહરિસ્મૃતિ પ્રકરણનું વિવેચન કરી દૃષ્ટાંત સાથે શ્રીહરિનો અદ્‌ભુત મહિમા સમજાવ્યો હતો. અત્રે શ્રીહરિની કૃપાથી અને ધર્મકુળના આશીર્વાદથી સત્સંગ ખૂબજ વૃધ્ધિ પામતો જાય છે.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ૩૬ મો પાટોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજી તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. હરગોવિંદદાસજીની દિવ્ય પ્રેરણાથી સર્વોપરી શ્રીજીમહારાજના અલૌકિક ચરણોથી પાવન થયેલ પ્રસાદીભૂત ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૩૬ મો પાટોત્સવ વૈશાખ સુદ-૩ અખાત્રીજ તા. ૧૮-૪-૧૮ ના રોજ ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૪-૪-૧૮ થી તા. ૧૮-૪-૧૮ પર્યન્ત ધીરજાખ્યાન પંચાન્હ પારાયણ સ.ગુ. શા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે થઈ હતી.

સાથે સાથે પોથીયાત્રા, ઠાકોરજીની જલયાત્રા, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ, ઠાકોરજીના અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન, ધર્મકુળ દર્શન અને સંતોની પ્રેરક વાણી આદિ કાર્યક્રમ સંપન્ન થયા હતા.

સમગ્ર આયોજનમાં અત્રે ઉનાવા મંદિરના મહંત શા. સ્વા. ભક્તિકિશોરદાસજીના માર્ગદર્શનથી અ.નિ. શંકરભાઈ ભગાભાઈ પટેલ પરિવાર, અ.નિ. મરઘાભાઈ ભગાભાઈ પટેલ પરિવાર એવમ્ સમસ્ત સત્સંગ સમાજ ઉનાવા દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૪-૪-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે વ્યાસપીઠની આરતી થઈ હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમગ્ર સભાને રૂડા

આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. ધામોધામના અનેક સંતો-મહંતો પધાર્યા હતા.

અમદાવાદ કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ માંગલિક આશીર્વાદ પાઠવ્યા હતા.

વ્યાખ્યાન માળાના વક્તાશ્રી સંતોમાં સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી કોટેશ્વર, સ.ગુ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી નાથદ્વારા, સ.ગુ. શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી નારાયણઘાટ અને પૂજારી કુંજવિહારી સ્વામી કાલુપુર આ ચારેય સંતોએ પોતાની છટાદાર વાણીથી શ્રીહરિનો સુંદર મહિમા સમજાવ્યો હતો.

સમગ્ર પ્રસંગના માર્ગદર્શક સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) રહ્યા હતા.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી કથા પ્રસંગે કથા શ્રવણ કરવા પધાર્યા હતા.

(કો.શા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા શ્રી હનુમાન જયંતી**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવામાં ચૈત્ર સુદ-૧૫ તા. ૩૧-૩-૧૮ ને શનિવાર શ્રી હનુમાન જયંતીના પરમ પવિત્ર દિવસે સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલ શ્રી કષ્ટભંજનદેવને સોનાની ચેઈનની અર્પણ વિધિ કરવામાં આવી હતી. જેના યજમાન પદે જેમના હૃદયમાં સંકલ્પ થયેલ એવા પ.ભ. ચૌધરી રવિ ગોવાભાઈ જોઈતાભાઈ (ઓસ્ટ્રેલીયા) રહ્યાં હતાં.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રી હનુમાન ચાલીસાના પાઠ, શ્રી ભક્ત ચિંતામણી ૧૪૨ મું પ્રકરણ આદિ પઠન કરી આરતી ઉતારી હતી. છેલ્લે મંદિરના કોઠારી પ.ભ. શ્રી જીવણભાઈ ચૌધરીએ યજમાન પરિવારને માળા અને પુસ્તકોની કીટ આપી સુંદર સન્માન કર્યું હતું. છેલ્લે સૌએ દાદાની સુખડીનો પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (કોઠારી ચૌધરી જીવણભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ (ઈડર દેશ) ૩૫ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢનો ૩૫ મો પાટોત્સવ તા. ૨૬-૩-૧૮ ના રોજ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન શ્રી અંબાલાલ લલ્લુભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં. આ પ્રસંગે ઈડર મંદિરના મહંત શા. સિધ્ધેશ્વરદાસજી અને શા. સ્વા. હરિપ્રકાશદાસજીની ઉપસ્થિતિમા ઘણા હરિભક્તોએ સમૂહ મહાપૂજામાં લાભ લીધો હતો. ઠાકોરજીની આરતી, ધૂન અને અન્નકૂટ સંતો દ્વારા થયા હતા. મંદિરના જીર્ણોધ્ધારમાં સુંદર સેવા થઈ હતી. આ પ્રસાદી ભૂત સ્થળ એટલે સુવેર-ઉમેદગઢ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી (ખુશાલ ભટ્ટ)નું મહાપ્રસાદીનું ગામ છે.

શ્રીરામ નવમીના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ સૌ હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. રાત્રે શ્રીહરિનો જલાભિષેક, બાલવૃંદના સહયોગથી આરતી-થાળ-ધૂન કરી ઉજવ્યો હતો. (કાંતિલાલ રેવાભાઈ પટેલ)

**વાલી (રાજસ્થાન) માં બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી એવમ્ અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિનંદનદાસજી (વાલી)ના સમગ્ર સંત મંડળની પ્રેરણાથી અમદાવાદ શ્રી નરનારાયણ દેવ દેશ ગાદી અંતર્ગત રાજસ્થાન પ્રાન્તમાં સૌ પ્રથમવાર તા. ૧૦-૪-૧૮ મંગળવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરનું વિધિવત રીતે ભૂમિ પૂજન થયુ હતું. ત્યારબાદ મંદિરમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની ઉતારી સભામાં સૌ વાલી દેશના હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મંદિર માટે ચૌધરી ડુંગરાજી ખૂમાજી ભૂરીયા પરિવારે ભૂમિ અર્પણ કરી હતી. વાલી મંદિરના સમગ્ર સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ (વાલી) હાલ મુંબઈની સેવા સુંદર રહી હતી. (શા. પ્રેમપ્રકાશદાસ - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરમાથી તા. ૮-૪-૧૮ રવિવારના રોજ નરેશકુમાર કેશવલાલ પટેલના યજમાન પદે ખીચડી ઉત્સવનું સુંદર આયોજન થયું હતું. મહંત સ્વામીએ કથાવાર્તા કરીને સુંદર લાભ આપેલ. સંધ્યા આરતી કરી સૌએ ખીચડી ઉત્સવનો પ્રસાદ લીધો હતો.

તા. ૧૨-૪-૧૮ એકાદશીના જાહેર સત્સંગ સભા પ્રસંગે મહંત સ્વામીએ કથા વાર્તા કરી ને અત્રેના નવ નિર્મિત મંદિરની માહિતી સૌને આપી હતી. (જય એમ. પટેલ - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા (છપૈયાધામ) ખાતે તા. ૪-૪-૧૮ થી તા. ૯-૪-૧૮ પર્યન્ત સ.ગુ. શા. સ્વા. માધવપ્રિયદાસજીના વક્તા પદે શ્રીમદ્ ભક્તચિંતામણી મહાગ્રંથની પંચદિનાત્મક કથા સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં વિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રીજી સ્વરૂપ સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. સભા સંચાલન સ.ગુ. શા. નારાયણમુનિએ સુંદર રીતે કર્યું હતું. ગામના સર્વે હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. (છપૈયાધામ મંદિર - લુણાવાડા)

**શ્રીહરિ પ્રસાદીભૂત મોટપ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી

આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી એવમ્ મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત તીર્થોત્તમ મોટપ ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૩-૪-૧૮ ના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મોટપ ગામે પધાર્યા હતા. અને અહીં સ.ગુ. મૂ.અ.મૂ. ગોપાળાનંદ સ્વામીએ પૂજેલા ૧૫૫ પહેલા મુક્તરાજ તુલસીદાસ પટેલને પ્રસાદીના માખણીયા લાલજી મહારાજ આપેલા. તે પ્રસાદીના લાલજી મહારાજનો પંચામૃત મહાભિષેક ષોડશોપચારપૂર્વક પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયો હતો. જેના દર્શન કરી મોટપ ગામના હરિભક્તોએ કરી ખૂબજ ધન્ય બન્યા હતા.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૨-૪-૧૮ થી તા. ૧૬-૪-૧૮ પર્યન્ત ૧૦૫ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન સૌ હરિભક્તોએ કરી હતી. અને તા. ૧૮-૪-૧૮ થી તા. ૨૨-૪-૧૮ દરમ્યાન રાત્રે ૨ કલાક જુદાં જુદાં વિદ્વાન સંતોના મુખે હરિચરિત્રામૃત કથાનું પણ સુંદર આયોજન થયું હતું. ગામના સર્વે હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. (જી.કે. પટેલ મોટપ - કાલુપુર મંદિર પૂર્વ ટ્રસ્ટીશ્રી)

**બિલોદરા શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી રામનવમી - શ્રીહરિ પ્રાકટ્યોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ગાંધીનગર જીલ્લાના બિલોદરા ગામે ચૈત્ર સુદ-૯ શ્રી રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવના શુભ દિને ગાંધીનગર મંદિર (સે-૨) થી મહંત શા. પી.પી. સ્વામી સંત-મંડળ સાથે પધાર્યા હતા અને કથાવાર્તા આદિ કરીને રાત્રે ૧૦-૧૦ ઘડીએ શ્રીહરિ પ્રાકટ્યોત્સવની આરતી ધામધૂમથી કરી સૌ હરિભક્તોએ દર્શન અને કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, બિલોદરા)

**ઉત્તર પ્રદેશમાં નિર્ભય પટ્ટી (જી. પ્રતાપગઢ) ગામમાં નૂતન મંદિરમાં શ્રીહરિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તેમજ આપણા ભુજ (કચ્છ) મંદિરના અ.નિ. પૂ. સદ્. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી વામનપ્રસાદદાસજીના (પ્રયાગ મંદિરના મહંત સ્વામીશ્રીના દાદા ગુરુ) દિવ્ય આશીર્વાદથી પ્રયાગરાજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ પ્રયાગથી ૭૦ કિલોમીટરના અંતરે પ્રતાપગઢ જીલ્લાના છપૈયા જેવા નાના નિર્ભયપટ્ટી ગામમાં ખૂબજ સુંદર રમણીય દેદિપ્યમાન નવ્ય ભવ્ય શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૦-૪-૧૮ પર્યન્ત મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિકિશોરદાસજી (સાવદા)ના વક્તાપદે હિન્દી ભાષામાં શ્રોતાજનોને સુંદર કથામૃતપાન કરાવ્યું હતું.

કથાના યજમાન પદે શ્રી વિનોદ મિશ્રા, શ્રી તુલસી દુબે તથા શ્રી આલોક મિશ્રા પરિવારે લાભ લીધો હતો.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી, ભુજ, વડતાલ, ગઢપુર, અયોધ્યા આદિ ધામોના સંતો પધાર્યા હતા. સમગ્ર સભાનું સુંદર સંચાલન શા. સ્વા. હરિગુણદાસજી (ઉમરેઠ)એ શોભાવ્યું હતું. અન્ય સેવામાં શા.સ્વા. ધર્મપ્રસાદદાસજી (વડતાલ)ના સંત-મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

સમગ્ર મંદિરના મુખ્ય દાતા ભુજ કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિરના અ.નિ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજીના કૃપાપાત્ર એક હરિભક્ત રહ્યાં હતાં. તથા મુખ્ય સિંહાસન તથા વિષ્ણુયાગના યજમાન પ.ભ. બળદેવભાઈ સોમાભાઈ પટેલ (અમેરિકા) તથા શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. હાલાઈ નારણ ભીમજી (યુ.કે.), શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાન પ.ભ. જગદીશભાઈ ભીમજી હાલાઈ (યુ.કે.), શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિના યજમાન પ.ભ. સુરેશભાઈ એસ. રાબડીયા (યુ.કે.), શ્રી ગણપતિજીના મૂર્તિના યજમાન પ.ભ. કાનજી કે. કેરાઈ (યુ.કે.), શ્રી હનુમાનજી તથા ભૂમિના દાતા શ્રી ગણપતિ શુકલા પરિવાર (નિર્ભયપટ્ટી) કળશના યજમાન શકુબેન જગદીશ વાઘેલા, ભંડારાના યજમાન દિપકભાઈ સી.કે. પટેલ પરિવાર, અન્ય સેવામાં શ્રી રતિલાલભાઈ ખીમજીભાઈ પટેલ (મેડા), શ્રી પ્રવિણભાઈ મંગળદાસ પટેલ પરિવાર તથા શ્રી જતીનભાઈ અમૃતભાઈ પટેલ પરિવાર આદિ હરિભક્તોએ અલૌકિક લાભ લઈ શ્રીહરિ અને ધર્મવંશીનો રાજીપો મેળવ્યો હતો.

શ્રી વિષ્ણુયાગ, સમૂહ મહાપૂજા, સમૂહ યજ્ઞોપવિત, શ્રી ઠાકોરજીની નગર યાત્રા, રાસોત્સવ, છપ્પનભોગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ભંડારો, બ્રહ્મ ભોજન અને આતશબાજી જેવા ઉત્સવો પરંપરાગત રીતે ધામધૂમથી ઉજવાયા હતા.

તા. ૧૬-૪-૧૮ ના રોજ મંદિરથી પોથીયાત્રા ધામધૂમપૂર્વક ધૂન ભજન કીર્તન કરતા યજમાન પરિવાર સાથે કથા સ્થળે વ્યાસ પીઠ પર પધરાવી હતી. ત્યારબાદ મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી અને સિસલ્સ અને યુ.કે.ના યજમાનશ્રી તથા સંતોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય થયું હતું.

તા. ૧૮-૪-૨૦૧૮ વૈશાખ સુદ-૩ અક્ષય તૃતીયાના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થઈ હતી.

ત્યારબાદ સભામાં યજમાન પરિવાર દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. યજમાન પરિવાર અને સમગ્ર સભા અને મહંત સ્વામીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ પ્રસન્ન ચિત્તે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારીને સૌને અલૌકિક સુખની પ્રાપ્તિ થઈ હતી. (કમલેશ ભગત - પ્રયાગરાજ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક (નવા નરોડા) મંદિરનો દ્વિદશાબ્દિ મહોત્સવ**

